# વડોદરા જિલ્લાના
# આદિવાસીઓમાં પરંપરાગત ઔષધ


[illegible]

[illegible]

[illegible]

[illegible]



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪

[illegible]


294

## અનુક્રમણિકા


| પ્રકરણ નંબર | વિગત | પાન નંબર |
| --- | --- | --- |
| ૧ | પ્રાસ્તાવિક | ૧ થી ૪ |
| ૨ | વિસ્તાર- વસતિ | ૫ થી ૧૪ |
| ૩ | વનૌષધિ અને પધ્ધતિ | ૧૫ થી ૨૪. |
| ૪ | વનૌષધિની વિગતે નોંધ | ૨૫ થી ૧૨૧ |
|  | - તારણ અને સૂઝાવો | ૧૨૨ થી ૧૨૫. |
|  | **પરિશિષ્ટ :** |  |
|  | ૧. મુલાકાતીઓના નામ - ગામ | ૧૨૬ થી ૧૨૭ |
|  | ૨. સંદર્ભ સાહિત્ય | ૧૨૮ |

## પ્રાસ્તાવિક

ગુજરાતમાં દાંતાથી ઉમરગામ સુધીનો પૂર્વપટ્ટો સઘન આદિવાસી વસતિ ધરાવે છે. ગુજરાતની આ આદિવાસી જાતિઓની જીવન પ્રણાલિકા અનેરી ભાત પાડે છે. તેમનો પોતાની જરૂરિયાતો પોતે જ સંતોષી શકે તે હેતુસર તેમને જીવનના દરેકે દરેક પાસામાં આગવું અને અનેરું ખેડાણ કર્યું છે. દુરભાગ્યે આ વારસો નષ્ટ થતો જાય છે.વનસ્પતિ દવા સાથેનો તેમનો સંબંધ ઘનિષ્ટ હતો જંગલ અને પહાડોની વચ્ચે પ્રાકૃતિક જીવનમાં સફળતા મેળવી હતી તેમની આ જાણકારીને આધુનિક વિજ્ઞાન પણ પડકારી શકે તેમ નથી. કમનસીબે તેમની આ જાણકારી, આવડત, પધ્ધતિ આધુનિક વિકાસના ઓળા નીચે દટાતી ચાલી છે તેને જીવંત રાખવા માટે સઘન પ્રયત્નની જરૂર છે. તેમની જીવન પધ્ધતિ જ એવા પ્રકારની હતી તેનાથી વ્યકિત, કુટુંબ અને સમાજ આનંદિત રહી શકે ત્યાં કોઈપણ પ્રકારને ભૌતિકવાદ હતો નહીં સર્વત્ર પ્રાકૃતિક આનંદ આનંદ હતો કાળ ક્રમે આ આનંદમાં ઘણું પરિવર્તન જોવા મળે છે. જેને આજનો વિકસિત સમાજ વિકાસના નામે ઓળખે છે. પ્રકૃતિ સાથે ઓતપ્રોત થયેલ આ આદિવાસીઓ પાસે શું ન હતું તેમની પાસે પ્રકૃતિને ઓળખવાની એક અદ્ભૂત શકિત હતી. પ્રકૃતિ પાસેથી એ

જીવનદાન મેળવી શકતો હતો અને આજે એ આધુનિક દવાખાના ખોળતો અટવાયેલો જોવા મળે છે. ક્યારેક તો અસહ્ય સ્થિતિમાં ઊંડાણના ગામોમાંથી ઝોળી કરીને દર્દીને ઊંચકી નજીકના રોડના બસ સ્ટેશન કે દવાખાના સુધી પહોંચાડવામાં જે હાલાકી અનુભવે છે તે જોતાં હૃદય દ્રવિજાય છે.

મૂળ વાત ઉપર આવી એતો આદિવાસીઓમાં વનૌષધિ અંગેની પરંપરાગત જાણકારીનો અહેવાલ તૈયાર કરવાનું કામ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સોંપવામાં આવ્યું આ અભ્યાસને ધ્યાનમાં લઈ આદિવાસી ક્ષેત્રનું ક્ષેત્રકાર્ય શરુ કરવામાં આવ્યુ. સૌ પ્રથમ એવો ખ્યાલ હતો કે સમગ્ર ગુજરાતના આદિવાસીઓની પરંપરાગત વનૌષધિનો એક અહેવાલ તૈયાર કરવો પણ ક્ષેત્રકાર્ય દરમ્યાન ખ્યાલ આવે છે કે આ વિષયની જાણકારી એમની પાસે અદભૂત છે તેમની રીતરસમ, નામ, પધ્ધતિઓમાં ઘણીજ ભિન્નતા રહેલી છે. ક્યારે કોઈને અન્યાય થાય તેવી શકયતા રહેલી છે. એ હેતુસર દરેક જિલ્લા અને જાતિવાર ક્ષેત્રકાર્ય કરી અહેવાલને વધુ માહિતી સભર બનાવી શકાય તેમ છે તેના આ અદભૂત જ્ઞાનનો સમાજ, સરકાર અને સંશોધકો કરી શકે તે હેતુને ધ્યાનમાં લઈ જિલ્લાવાર ક્ષેત્ર કાર્ય કરી અલગ અલગ અહેવાલ તૈયાર કરવા તેવું કેન્દ્રના નિયામકશ્રી ઠાકોરભાઈ

નાયક સાથે બેસી નકકી કરવામાં આવ્યું.

સઘન આદિવાસી વિસ્તાર અને જંગલને ધ્યાનમાં રાખી વડોદરા જિલ્લાના છોટાઉદેપુર તાલુકાના બે વિસ્તારના ગામો પસંદ કરવામાં આવ્યા જેમાં દેવહાટ અને કડી પાણી વિસ્તારના ગામોનો સમાવેશ થાય છે. જુદા જુદા આઠ ગામો અને તેર જાણકાર વ્યકિતઓની વ્યકિતગત મુલાકાત લઈ જુદા જુદા રોગોમાં ઉપયોગમાં આવતી ૨૦૭ જેટલી વનસ્પતિની એકઠી કરવામાં આવી છે. અહેવાલમાં વનસ્પતિનું આદિવાસી, ગુજરાતી અને બોટેનિકલ નામો મેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જોકે બધાજ ગુજરાતી અને બોટેનિકલ નામો મેળવી શકાયા નથી. આ વનસ્પતિ કયા રોગમાં કામ આપે છે, કેટલા સમયમાં રોગ મટે, કયાં અને કયારે મળે તેના કયા ભાગનો ઉપયોગનો અને કેટલી માત્રામાં ઉપયોગ કરવો સાથે અન્ય કોઈ રોગમાં ઉપયોગમાં આવે છે કે નહી તેમજ તે વેલા છોડ અને ઝાડનું શબ્દચિત્ર આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે જેથી તે ઓળખવામાં સહાયરૂપ બની શકે.

પ્રાસ્તાવિકમાં જ જણાવી દેવું જરૂરી છેકે જાણકાર વ્યકિતઓની જાણકારીનો બધીજ દવાઓને આવરી લીધે છે જેથી દવાઓનું પુનરાવર્તન પણ થયેલું છે.સાથે સાથે રોગ અને તે અંગેની તમામ દવાઓનો ક્રમ પણ સમયના અભાવે જાળવી શકયા નથી તે બદલ ક્ષમા સાથે પ્રસ્તુત કરીએ છીએ.

આ અહેવાલ તૈયાર કરવામાં મહત્ત્વનું પ્રદાન કરવા બદલ વિસ્તારના જાણકાર ભગત, બાવાઓ, ગામ આગેવાનો અને આશ્રમશાળાના આચાર્યો તેમજ કેન્દ્રના નિયામકશ્રી ઠાકોરભાઈ નાયકના અમે ખૂબ આભારી છીએ.

- સિધ્ધરાજભાઈ સોલંકી

- જસવંતસિંહ રાઠોડ

## પ્રકરણ - ૨

## વિસ્તાર અને વસતિ

વડોદરા જિલ્લાના છોટાઉદેપુર, નસવાડી અને તિલકવાડા તાલુકાઓમાં અનુક્રમે ૮૧.૯૩ %, ૮૧.૪૮ % અને ૪૭.૭૪ ટકા આદિવાસી વસતિ છે, જયારે પાવી જેતપુરનું કરાલી, ભીખાપુર અને સંખેડાનું ભાટપુર, વડેલી એમ ચાર પોકેટ વિસ્તાર તરીકે આવરી લેવામાં આવ્યા છે. ત્રણ તાલુકા અને ચાર પોકેટ વિસ્તારની કુલ વસતિમાં ૬૫.૭૬ ટકા વસતિ આદિવાસીઓની છે. વડોદરા જિલ્લામાં ૪,૭૦,૦૦૦ વસતિ છે જે કુલ વસતિના ૨૫.૩૫ ટકા જેટલી થાય છે.

મુખ્ય વસતિ રાઠવા, ભીલ અને નાયકા અને ધાનકા જાતિની છે. આ સમગ્ર વિસ્તારને છોટાઉદેપુર પ્રાયોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે. છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તાર પહાડ અને મેદાનોનો બનેલો છે. આ વિસ્તાર ૧૫૦ મીટરથી ૬૩૩ મીટર સુધીનો ઉંચાઈ ધરાવે છે. આ વિસ્તારમાં આંબા ડુંગર સૌથી ઉંચો ડુંગર છે. આ વિસ્તારમાંથી ફલોરસ્પાર જેવી મહત્વની ખનીજ સંપતિ મળે છે. પહાડી વિસ્તારની જમીન છીછરી અને હલકી છે.

બાકીના વિસ્તારમાં રેતાળ અને ગોરાડું જમીન આવેલી છે. બીજા વિસ્તારની જમીન ફળદ્રુપ અને ઉંડી છે. ડુંગરાળ વિસ્તારમાં જંગલ પ્રદેશ આવેલો છે. કવાર્ટઝ ગ્રેનાઇટ, ડોલોમાઇટ, ફલોરસ્પાર અને લાઇમ સ્ટોન જેવા ઉદ્યોગોક ખડકો પણ આવેલા છે. આ ખાદ્ય પ્રાયોજના વિસ્તારનો સમાવેશ ૨૧.૯૦ થી ૨૨.૬૦ પૂર્વ અક્ષાંસ અને ૭૩.૬૦ થી ૭૪.૧૬ ઉત્તર અક્ષાંસ થાય છે. ઉત્તરે પંચમહાલ દક્ષિણે પૂર્વમાં મધ્યપ્રદેશનો અલીરાજપુર તાલુકો દક્ષિણે મહારાષ્ટ્ર રાજ્યનો ધુલીયા જિલ્લો અને પશ્ચિમે વડોદરા જિલ્લાના ડભોઇ અને વાઘોડિયા તાલુકાની હદ લાગે છે.

વન :

વડોદરા જિલ્લાનો કુલ વિસ્તાર ૭૭૭૮ ચોરસ કીલોમીટર છે. તે પૈકી ૭૦૭ ચોરસ કીલોમીટર વન વિસ્તાર કુલ જમીનના ૨૩ % જેટલો વિસ્તાર જંગલો હેઠળ આવેલો છે. આ વિસ્તારના જંગલોમાં સાગ, સાદડ, ધાવડો, કલમ, ગુગડ, ખેર મહુડા, ખાખરા, ટીમરું, અંજન જેવા ઇમારતી વૃક્ષો થાય છે. જ્યારે ગૌણ વન પેદાશોમાં મહુડાના ફૂલ ડોળી, ટીમરુપાન, કડાયા ગુંદર, લાખ, ચારોલી, ધાવડા ગુંદર, પુવાડબીજ, કરંજબીજ, ઇન્દ્રજવ, આમલી, રોશાઘાસ મુશળી, ખાખરાબીજ, પાન, ઘરબોર, અરીઠા, સાગબીજ

ભીલાડોબીજ, માસીમા પાન મળે છે.

નદીઓ :

આ વિસ્તારની મહત્ત્વની નદીઓમાં હેરણ, સુખી, રામી, નર્મદા, ઓરસંગ, મેણ, અશ્વિર, વાસવા અને ઉંચ નદીઓનો સમાવેશ થાય છે. હેરણ અને સુખી નદી પર મોટી સિંચાઈ યોજનાઓની કામગીરી થતી જાય છે. આ યોજના પુરી થતાં ૪૭૭૦૫ હેક્ટર જમીને સિંચાઈની સગવડ મળશે. આ સિવાય પણ રાખી, બાંડી અને ભમર નદીઓ પર નાની સિંચાઈ યોજનાઓ પુરી થતાં ૬૩૨૪ હેક્ટર જમીનની સિંચાઈની સવલતો ઉપલબ્ધ થશે

મહત્ત્વના પાકોમાં ડાંગર, મકાઈ, જાુવાર, બાજરી ઘઉં, કપાસ, મગફળી, તુવર, અડદ, કેળા, વિગેરેની છેલ્લા કેટલાય વર્ષોમાં આદિવાસી ઈસમોને આદુની ખેતી તથા મગફળીની ખેતી અપનાવવાની શરૂઆત કરી છે. એક કરતાં વધારે પાકો તેમજ મિશ્રપાકો પણ લેતા થયા છે.

અભ્યાસના ગામોનો વિસ્તાર અને વસતિ :

છોટાઉદેપુરથી ૧૩ કી.મી. પૂર્વમાં આવેલ દેવહાટ ગામ ઓરસંગ નદી કિનારે આવેલું છે. આજુબાજુના ઘણા ગામડાઓ જંગલ અને પહાડો વચ્ચે આવેલા છે. ડુંગરની પેલે પાર મધ્ય પ્રદેશની હદ લાગે છે. મધ્યપ્રદેશના ગામો સાથેનો

વ્યવહાર પણ આ વિસ્તારના આદિવાસીઓમાં જોવા મળે છે. મુખ્ય રાઠવા આદિવાસીઓની વસતિ ધરાવતા આ વિસ્તારના આદિવાસીઓ આજે પણ લંગોટી, ખમીશ અને માથે રાતી પાઘડી પહેરે છે. આબાલ વૃધ્ધોનો આ એકજ પહેરવેશ છે. કયારેક બહાર જાય તો ધોતિયું પહેરતા થાય છે. સ્ત્રીઓ જાતે બનાવેલ ચણીયો બ્લાઉઝ અને ઓઢણું ઓઢે છે. ઉંમર લાયક સ્ત્રીઓ ચોરિકે બ્લાઉઝ પહેરતી નથી. ઘરેણાની શોખીન આ પ્રજા ઘણા ઘરેણાં પહેરે છે. જેમાં વીટી, પગના કલા, મુદણીયા, હાઈડો, કરડો(કંદોરો ) ટાગણી, પોચી, માથાવી ટીકો ઝાંઝરી, હાથનો ઝોકળો, ભેરિયો, હાસડી, બાહુડોયુ,વાંક કીડીય, મોરની ગાવેલ, પાટલા, હાડદી, , છડ, હાઈડીઓ ટોકરો, કાનની કડી, બટન વગેરેનો ઉપયોગ કરે છે. આ ઘરેણાં સોના ચાંદી અને કથીર ધાતુમાંથી બનેલા હોય છે.

<u>ઘરો :</u>

રાઠવાઓ ઈંટની દિવાલવાળા કાચા મકાનો બનાવે છે મકાનમાં લાકડું,વાંસ અને દેશિ નળીયાનો ઉપયોગ સવિશેષ કરે છે. ઘરો એક ખંડ ઓસરિવાળા હોય છે. ક્યારેકતો બે બે મકાન સામસામી પણ બનાવે છે. સામેનો ભાગમાં ઢોર બાંધે છે અને તેની સામે પોતે રહે છે. ઘરવખરીમાં ખાટલા ગોદડા, એલ્યુમિનિયમના વાસણો, માટીના વાસણો વાપરે છે. પાણી પીવા માટે બહાર માંચી બનાવી માટલું મૂકે છે.

સાથે પાણી પીવા માટે તુંબડોનો ' ડોવલા ' મૂકે છે. કડી પાણી વિસ્તારના રાઠવાઓના ઘરોમાં સ્ટીલ અને પિત્તળના વાસણો પણ જોવા મળે છે. ઘરો જાતે જ બનાવે છે ઘરો એકંદરે પ્રમાણમાં મોટા અને સુવ્યવસ્થિત બનાવે છે ઘરેણા અને છુંદલાની શોખીન છે એટલે દરેકના શરીરે તેનો હોય જ હોય.

હાટ તેમનું ખરીદીનું મુખ્ય સ્થળ છે. હાટમાં ખાસ કરી આબાલ વૃધ્ધ બધા જ જાય છે કવાંટ વિસ્તારની શાળાઓમાં રવિવારે સવારની સ્કૂલ રહે છે અને સોમવારે હાટની કારણે રજા રાખવામાં આવે છે. આમ આ હાટનું મહત્ત્વ કેટલું છે તે બતાવે છે. હાટમાં ક્યારેક છોકરા છોકરી પ્રસંદ પણ કરવામાં આવે છે. છોકરાને કોઈ છોકરી ગમે તો હાટમાંથી જ પોતાના ઘરે લઈ જાય છોકરીની બાપને ખબર આપવામાં આવે અને ત્યારબાદ દાપુ નકકી કરવામાં આવે છે જે છોકરો પક્ષને ભરવાનું હોય છે તે ન ભરી શકે તો છોકરી પરત કરવી પડે છે. આવા કિસ્સામાં મારામારી અને ખૂન થવાની પણ શક્યતા રહેલી છે.

આ વિસ્તારના જાણકાર વેપારીઓ અને આદિવાસીઓ સાથેનો જે વ્યવહાર હો તે જોઈ બહારથી આવનાર માણસને ઘડીકતો અચંબામાં મૂકી દે તેમ છે. ગામડેથી આવતા આદિવાસીને વેપારી હાથથી પકડી પોતાની દુકાને

ધસડી જ જાય છે ક્યારેક ભાવતો બાબતમાં ~~સમ~~ ~~ચાય~~ કયારેક ભાવ કરતાં આઠ આના, રૂપિયો વધારે બતાવી તેનો માલ ઢગલામાંજ નાખી દેવામાં આવે છે ક્યારેય શાંતિથી તોલમાપ થતો નથી કે ભાવતો વ્યવસ્થિત વાત થતો નથી વેપારીઓ એને કોઈપણ પ્રકારનો સમય આપવા તૈયાર નથી. ક્યારેક તો ત્રાજવામાં માપ પડે તે પહેલાં જ ઢગલામાં નાખી દેવામાં આવે છે. અને તેને પૈસા પકડાવી દેવામાં આવે છે. શાકભાજીની સીઝનમાં પણ તેની પાસેથી વસ્તુ લઈ જલ્દી જલ્દી ઢગલામાં નાખી દઈ બે ત્રણ કે પાંચ રૂપિયા પકડાવી દેવામાં આવે છે. આ વેપારી અને આદિવાસીઓ વચ્ચે એવું ગઠબંધન છે કે તે નિગમ કે બીજે કોઈ જગ્યાએ માલ ~~વેચતા~~ ન વેચતાં વેપારીને જ આપે છે. તેમ કેટલાકનું માનવું છે. વેપારીઓ આ વિસ્તારના ઉંડાણના ગામોમાં જ્યાં બસ વ્યવહાર કે સાધન જઈ શકતા નથી ત્યાં પોતાની સાયકલ કે ચાલતા એક કોથરામાં માલ લઈ જાય ક્યારેક તો અનાજ ખરીદવા માટે જાય ત્યાં તેઓ ઘરે ઘરે ફરી તેમની પાસેથી અડદ, ભંગારની વસ્તુઓ ખરીદી લાવે છે. તેમને બજારભાવ કરતાં ઘણા ઓછા ભાવે આપે છે. સંશોધકના ફિલ્ડ વર્ક દરમ્યાન ચિસારિયા ગામમાંથી એક વેપારી દસ કીલો જેટલા અડદ ૫ રૂપિયે કીલોના ભાવે ખરીદી લાવેલો તેનો બજાર ભાવ આઠથી દસ રૂપિયા જેટલો હતો તેવું જાણેલું આથી આ વેપારીએ ઘરે ઘરે ફરીને પણ તેમની

પાસેથી વસ્તુઓ ખરીદી લાવે છે. આમાં જંગલની ગૌણ પેદાશનો પણ સમાવેશ થાય છે. આમાં સરકારી તંત્રનો પણ ખામી રહેલ છે તેમ કેટલાકનું માનવું છે. વેપારીને નાણા જલદી મળતા નથી ભાવફેર મળતો નથી. જયારે આંતર રાજ્યમાં તેમણે નિગમના ભાવ કરતાં ડબ્બા ભાવ મળતો હોવાથી નિગમમાં તેમનો પરવાળી સચવાઈ રહે તેટલો જ માલ આપે છે. બાકીનો માલ બ્લેકમાં વેચી દેવામાં આવે છે તેવું જાણકાર વર્તુળો પાસેથી જાણવા મળે છે.

## શિક્ષણ :

ઉંડાણના ગામડાઓમાં શિક્ષણનું પ્રમાણ નહીંવત્ છે કારણકે ગામડાઓમાં હજુ સુધી શિક્ષણમાટે પુરતી વ્યવસ્થા થઈ નથી સ્કૂલો ખોલી છે પણ કયાંક મકાન નથી, કોટ ટુડી ગયા છે, કેટલાક શિક્ષકો નિયમિત જતા નથી. મધ્યાહન ભોજન કે અન્ય આંગણવાડીઓ, યુકતાહાર યોજનાઓ ચાલે છે તેમાં ખાવાનું મળતું હોવાથી બાળકો આવે છે. આશ્રમ શાળાઓમાં ભણવા માટેનો ઝોક વધ્યો છે છોકરીઓને પણ મા બાપ મુકતા થયા છે. એમ છતાં પ્રમાણ ઓછું છે. પહેલાં જે કહેવત હતી કે એક છોકરો ભણે એક માસ્તરનો આમ તેમાં પરિવર્તન દેખાય છે. બાળકોને ખાવાનું મળે છે તેથી આકર્ષણ પણ આ શ્રમશાળાઓમાં આવે છે તેમ પણ જાણવા

મળ્યું હતું.

વ્યવસાય :

સમગ્ર વિસ્તારના આદિવાસીઓનો મુખ્ય વ્યવસાય ખેતી પશુપાલન અને મજૂરી છે. તેમાં જંગલ ગૌણ પેદાશ, ખેતી મજૂરી, બહારગામની મજૂરી અને કારખાના તેમજ ઢકો ભરવાની મજૂરીનો સમાવેશ થાય છે. અગાઉ જોયું તેમ જમીન સપાટ નથી તેથી ઢોરાવો અને ડુંગર ઉપરના સપાટ વિસ્તારોમાં ખેતી કરવાની ફરજ પડે છે. કેટલીક જગ્યાએ તો ડુંગળના ઢોરાવ ઉપર પાળા બાંધી ખેતી કરે છે. મુખ્ય પાક મકાઈ, જુવાર, અડદ, ડાંગર સામો મઠ વત્તા ઓછા પ્રમાણમાં તલ, મગફળી શાકભાજીનો પાક પણ લે છે. શિયાળું જુવાર થાય છે. પિયત ની સગવડ નહીંવત્ છે. ચાલુ સાલે વરસાદ સારો હોવાથી ખેતીવાડી ખૂબ સારી હતી અને વધુ ખર્ચ ઉતરવાની ધારણા લોકો સેવી રહ્યા હતા.

છોટાઉદેપુરથી દક્ષિણમાં ૩૫ કિ.મી. દૂર કડીપાણી આવેલું છે જ્યાં જી.એમ.ડી.સી.નું કારખાનું આવેલું હોવાથી આ સ્થળ વધારે જાણીતું બન્યુ છે. આજુબાજુના આદિવાસી વિસ્તારો ડુંગર અને ટેકરીઓથી ઘેરાએલા છે. સૌથી ઊંચો આંબા ડુંગર પણ અહીં જ આવેલો છે. મુખ્ય વસતિ આદિવાસી રાઠવા અને ભીલ જાતિની છે. ભીલોની વસતિ

ડુંગરની અંદરના ભાગમાં સુવિશેષ છે. આજુબાજુના પચીસ કિ.મી. સુધી વિસ્તારના ગામોમાંથી કેટલાક આદિવાસી મજૂરો જી.એમ.ડી.સી.ના કારખાનામાં કામ કરવા માટે આવે છે. તેમને દૈનિક રોજ આપવામાં આવે છે. કામ પર ન આવે તે દિવસે પૈસા કપાઈ જાય છે. ૫૦૦ થી ૬૦૦ રૂપિયા સુધીનો રોજગારો માસિક મળે છે. આમ આ વિસ્તારજે બીલકુલ મજૂરી વિહીન હતો તે આ કારખાનાથી આ વિસ્તારના કેટલાક આદિવાસીઓને મજૂરી મળતી થઈ છે.

આંબા ડુંગર વિસ્તારમાંથી જી.એમ.ડી.સી. માટે ખાણોમાંથી પથ્થર તોડવામાં આવે છે. આ સમગ્ર વિસ્તારના આદિવાસીઓમાં આનાથી કોઈ મોટું પરિવર્તન આવ્યું હોય તેમ કહી શકાય તેમ નથી. કારણકે આવકો વધી તેની સાથે દારૂનું પ્રમાણ પણ વધ્યું છે. કેટલાકનો દારૂનો વેપાર કરતા થયા કારણકે જી.એમ.ડી.સી.ના કારીગરોનું બજાર તેમને સારું મળતું થયું. આમ લાભ ગેરલાભ બન્ને જોવા મળે છે.

<u>ઉત્સવ, તહેવારો :</u>

હોળી અને દિવાસો તેમના મહત્ત્વના તહેવારો છે આ દિવસોમાં તેઓ.ખૂબ આનંદ પ્રમોદથી નાચતા, ગાતા હોય છે. લગભગ પંદર દિવસ સુધી હોળીનો તહેવાર ચાલે છે. ચૂલના મેળા પણ ભરાય છે.જયાં હજારો યુવક યુવતિઓ

ઉમટી પડે છે અને નૃત્ય કરે છે. આ વિસ્તારનો દિવાસો ઘણા દિવસ સુધી ચાલે છે. અષાઢ વદ અમાસ પછી દિવાસાની શરૂઆત થાય છે. દિવાસો એ સારા વર્ષાદ, સારા પાકનો તહેવાર છે. ખેડૂતો ખેતી કરી પરવાર્યા હોય ખેતરો નવા પાકથી ઝૂમી ઉઠ્યા હોય તેવે સમયે દિવાસો ઉજવાય છે. અહીં દિવાસો ત્રણ દિવસ સુધી ઉજવાય છે. સૌ પ્રથમ બે ત્રણ દિવસ પહેલા દિવાસાનો દિવસ નકકી કરવામાં આવે છે. આ દિવસ ગામના આગેવાનો નકકી કરે છે આખા ગામમાં કોઈ બિમાર ન હોય કે કોઈ મૃત્યુ પામ્યું ન હોય સર્વત્ર માણસ અને પશુમાં શાંતિ હોય ત્યારે જ દિવાસો ઉજવવાનું નકકી થાય છે. દિવાસાનો દિવસ હાટને ધ્યાનમાં રાખી નકકી કરવામાં આવે છે. હાટમાંથી જરૂરી ખરીદી થઈ શકે તે રીતે જાહેર થાય છે. દારૂનો છૂટથી ઉપયોગ થતો હોય છે તેથી તેટલો સમય અપાય છે. પહેલા દિવસ ગામના દેવની પૂજા થાય છે. બીજા દિવસે પોતાના દેવની પૂજા થાય છે. અને ત્રીજા દિવસે દિવાસાની ઉજવણી થાય છે. આ ઉજવણીમાં પોતાના સગાવહાલાઓને બોલાવવામાં આવે છે. દરેક ગામે દિવાસાના દિવસો જુદા જુદા હોવાથી એકબીજાને ત્યાં જઈ શકાય છે. દિવસનું મહત્ત્વ ઘણું ગણવામાં આવે છે. પોતાના બાળકો આશ્રમશાળામાં ભણતાં હોય તો મા-બાપ તેમને તેડવા પણ આવે છે. દિવાસા પછીના દિવસે પાપડા ખાવાનો

દિવસ કહે છે. પાપેડા ખાવા એટલે ચચેડું પટેલું ખાવું તે આ દિવસોમાં તેમની પ્રિય વાનગી અડધના ઢેબરા બનાવવામાં આવે છે. દારૂ અને માંસનો ઉપયોગ પણ થાય છે. આ દિવસોમાં કોઇ પણ પ્રકારનું કામ કરવામાં આવતું નથી. નાચવું - ગાવું અને આનંદ કરી દિવસ પ્રસાર કરવામાં આવે છે. તહેવાર પછીના હાટને થોળો હાટ કહેવામાં આવે છે. કારણકે તે હાટમાં ખરીદો ઘણી ઓછી થાય છે. આમ દિવાસો અને હોળી મહત્ત્વના ઉત્સવો ગણવામાં આવે છે.

વનૌષધિ અને પધ્ધતિ :

ભગત-ભૂવાને બડવાના નામે ઓળખવામાં આવે છે. દરેક ગામમાં બેત્રણ બડવા હોય છે તે દરેક પ્રકારનું કામ કરતા હોય છે. તેમાં બીમારી, વડગાડ, કોઇનું નડતર પાક સંરક્ષણ કે નવા પાકની પૂજન વિધિ દરેક પ્રકારના નવા કામો કરતા પહેલાં બડવા પાસે વિધિ કરાવવી એ આ વિસ્તારના આદિવાસીઓમાં આવશ્યક છે. આ જાણકારી તેમને પોતાના બાપદાદા પાસેથી પોતે જાતે સીખેલા તેમ માને છે. તેઓ તેમના સ્થાનિક દેવતાઓનો પૂજાવિધિ કરતા હોય છે. પીઠોરો તેમનો મોટો દેવ છે તેને પ્ર ખૂરા રાખવા માટે તેની વિધિ કરી ઘરની દિવાલ ઉપર પીઠોરો દોરવામાં આવે છે. તેની વર્ષમાં એકવાર પૂજા કરવામાં આવે છે. આ પીઠોરા પાછળ દસથી પંદર

હજાર રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. આ દેવ કરવાથી ઘરમાં ધનધાન્ય સારુ રહે, કોઈ માણસ કે ઢોરનાં બીમારી આવતી નથી તેમ માનવામાં આવે છે. પીઠોરો તેમનો મુખ્ય દેવ છે તેમાં લગભગ દરેક દેવને આવાહન કરી બોલાવવામાં આવે છે. આ ભગત-ભૂવા જેમ કહે તેમ દર્દીને કરવાનું હોય છે. કોઈ પણ પ્રકારની દર્દમાં ઝારો નાખવો, મંત્ર કરવા, વિધિ કરવી વગેરે કામો તેઓ કરતા હોય છે.માણસ કે ઢોર સારું થાય એટલે તેની વિધિ કરવામાં આવે છે જેમાં મરઘું, બકરું કે અન્ય શ્રીફળ વગેરે નૈવેદ્ય ધરાવવામાં આવે છે.

મારા ક્ષેત્ર કાર્ય દરમ્યાન ચોમાસુ હોવાથી બીમારીનું પ્રમાણ વધુ રહેતુ હોવાથી ભગતોને મળવામાં અમને પણ ક્યારેક મુશ્કેલી પડતી તેમ છતાં તેઓ મળતા અને દર્દીઓનો વિધિ અમારી હાજરીમાં પણ કરતા આ લોકો પોતાની દેવી આ કામ કરે છે તેમ દઢપણે માને છે સાથેસાથે વનસ્પતિ દવા પણ આપે છે. કેટલાક બડવાઓનું માનવું છેકે તેમને આ દવાઓ તેમની માતા બતાવે છે તેમની પાસેથી તેઓ શીખેલા છે. કેટલાકને વારસાગત જાણકારી મળેલી હોય છે તેઓ પોતાની માતાને વાર તહેવારે નૈવેદ્ય ધરાવે છે.

નવા પાકની વિધિ ન થાય ત્યાં સુધી ઘરના માણસોને પાકને ખાતા નથી. એટલે કે મકાઈ તૈયાર થાય પછી તેની વિધિ કરાવવી પડે છે. પછીજ ખાવામાં ઉપયોગ કરી શકે છે, તે વિધિ કર્યા પહેલાં ખાય તો ઘરમાં કંઈ

નુકસાન થાય તેમ માને છે. દા.ત. ઢોર કે માણસમાં બીમારી આવે વગેરે. આ સમયે બડવા પાછળ લોકો દોડાદોડી કરતા હોય છે. બળવો ન મળે તો તે આવે ત્યાં સુધી રાહ જાુવે છે. સોઝનમાં પંદરથી વીસ દિવસ સુધી બળવો કયારેક મળતો નથી. કારણકે દરેકના ઘરે વિધિ કરવાની હોય છે. આ વિધિમાં બળવાને થોડુંક અનાજ અને તેના ઉપર મૂકેલ એક બે રૂપિયા રોકડા મળે છે. પણ તેને આ વિધિમાં એકરાત અને એક અડધો દિવસ એટલે કે બારથી અઢાર કલાક જેટલો સમય જાય છે, જ્યારે તેની સરખામણીમાં તેને જે મળે છે તે ઘણું જ ઓછું છે. આમ છતાં બળવો કોઈએ ના કહી શકતો નથી કયારેક બળવાને બહુ કામ હોય તો તેનું કામ બળવો બોલાવવા આવનાર વ્યકિતઓ પણ કરવા લાગે અથવા માણસ મૂકીને કામ કરાવે છે.

ઝેરી જાનવર ( સાપ ) કરડે તેને પાનુ બેઠું છે તેમ કહેવામાં આવે છે. તે ઉતારવા બડવા પાસે લઈ જાય કે બડવાને ઘરે બોલાવી લાવે છે. બડવો દવા આપે સાથે સાથે મંત્ર બોલે છે કેટલાક ભાથીજીના ભગત પણ હોય છે. તેઓ મરઘું, બકરું કે ઈંડાનું નૈવેદ ધરાવતા નથી. સારુ થાય ત્યારે પાંચ શ્રીફળ તેને ચઢાવે છે અને દિવો ધૂપ કરે ભડવા તરીકે ઓળખાતી લોકો નાના મોટા હોઈ શકે છે. કોઈક

ક્યારે જાણે તે મોટો અને ઓછું જાણે તે નાનો કહેવાય છે. ક્યારેક એમ કહે કે મારે સિખવાનું બાકી છે. એટલે હું નાનો બડવો છું. બડવાને આ વિસ્તારના લોકો માનથી જુવે છે. કોઇપણ કામ કરવામાં બડવો એ અગત્યનું પાત્ર છે. બડવો જાહેરમાં પણ વિધિ કરે છે. તે ઘણાબધા સમય સુધી મંત્રતંત્ર બોલતો હોય છે તેમાં અભ્યાસ કરો તેમના દેવોના નામો સાથે માણસોના નામ લઇ બોલે છે. આ બડવાઓ રોગને કોઇ સામાન્ય રોગ કે શારીરિક રોગ માનતા નથી પણ આતો કોઇકે કંઇ કર્યું છે. અથવા તો દેવનો આપેલો રોગ છે તેમ માની દેવીશક્તિ ઉપર વધારેને વધારે આધાર રાખે છે.જોકે સાથે સાથે વનસ્પતિ દવા પણ કરે છે. જેથી સારું થાય છે. ક્યારેક દર્દીને સારું ન થાય તો દવાખાને જવાની સલાહ પણ આપે છે. ક્યારેક તો તે જાતે પણ સ્વીકારે છે કે બધા રોગોમાં દવા લાગુ પડતી નથી ત્યારે દવાખાને જવું પડે છે. એક ભાઇ બડવા તરીકે કામ કરતા હોવા છતાં તેના ઘરે ગયા ત્યારે તે ઉદેપુર દવાખાને ગયેલા હતા તેમને મેલેરીયા તાવ આવેલો હતો. આમાં તેઓ રોગના પ્રકારનો દોષ ગણે છે.

તેઓ ઝાડ મૂળનો ખૂબ વ્યવસ્થિત રીતે ઝાડ કે ઝાડનો નાશ ન થાય તે રીતે લાવી ઉપયોગ કરે છે.એક વસ્તુ ખાસ જાણવા મળે છે કે જે દવા એક રોગમાં વપરાતી

હોય તેજ બીજા બધા બહુધા જાણતા હોય છે. એટલે કે નવા રોગમાંજ દવા નથી હોય છે જોકે બે ત્રણ મીક્ષ દવા કરીને વાપરવાની હોય ત્યારે ઝાડ મૂળ બદલાય પણ ખરા. અમુક રોગ દા.ત. ઘા ઉપર હાડકુ ભાગે તેમાં, કે લોહી બગાડમાં વપરાતી દવા બધા જાણતા હોય તે એકજ હોય છે જોકે તેની ચોકકસ મળતી હોવાને કારણે અહી પણ રીપીટ થવા દેવામાં આવી છે. ખાસ કરી પોતે જાતે ઉપયોગમાં લીધી હોય તેજ દવા બતાવતા હોય છે. ક્યારેક એમ પણ કરે છે કે આ બધી દવાને મેં જાતે પ્રયોગ કરેલો છે. એજ લખાવું છું જેથી પ્રમાણ પણ મળી રહે છે. ન કર્યો હોય તો નથી કર્યો તેમ પણ બતાવી દેતા હોય છે. આમ આવા ઉંડાણના વિસ્તારોમાં જ્યાં ઝેરી જાનવર કે અકસ્માત થવાની શક્યતા વધારે રહેલી છે તેવી જગ્યાએ સ્થાનિક ભગત ભૂવા, બાવાઓ લોક ઉપયોગી કામ કરતા એક ફીરસ્તા જેવા સાબિત થયા છે. જેને તેઓ ક્યારેક દવા કરતાં પણ દેવને કે માન્યતાને વધારે મહત્ત્વ આપતા હોય છે. તે વધારે પડતું કહી શકાય તેને બાદ કરવામાં આવે તો તેમની આ જ્ઞાનને બિરાદવા જેવું છે. વર્ષમાં અખાત્રીજ અને દિવાળી એમ બે સમયે વનસ્પતિ, દિવાદર્શન કરાવી જેને ભોગ ધરવામાં આવે છે ત્યાર પછી વચ્ચે કોઈ ખાસ

વિધી કરવામાં આવતો નથી. બડવા દવા કરે અને સારું ન થાય તો બીજા બડવાને પણ બતાવે છે. અને દવાખાને પણ લઈ જાય છે અગાઉ જોયું તેમ મંતર વગર કોઈ દવા કામ આપતી નથી તેવી તેમની દઢ માન્યતા છે તેના કારણે બીજો કોઈ દવા આપેતો તે કામ આપતી નથી તેમ માને છે. કેટલાક એવા દર્દો છે દા.ત. વિંછી કરડે, સાપ કરડે, પેટના દર્દો આ બધામાં ફક્ત મંતરથી પણ દર્દીને સારું કરવામાં આવે છે. પણ બધાજ બડવા તેમ કહે છે તેવું નથી.

દવા અંગેની માન્યતા અંગે જંગલની જ દવા કામ આવે છે. ગામ કે ઘર નજીકની બહુકામ આપતીની કારણકે નજીકની દવા ઉપર સ્ત્રીનો પડછાયો પડેલો હોય સાથે સાથે છોકરાએ પેશાબ કરેલી જગ્યા હોય તો કામ આપતી નથી તેમ કેટલાકનું માનવું છે. ઝાડ મૂળીયાનું પ્રમાણ ઘટી ગયું છે તેમ ખાસ માનતા નથી પણ દવાવાળા છોડ જોઈ રાખવા પડે છે. અથવા તેને લાવી રાખવા પડે છે તેમ માને છે.કારણકે કેટલીક વનસ્પતિ છોડ બારેમાસ મલતા નથી. ક્યારેક છોડ કે વેલ તે નિશાની કરી રાખવામાં પણ આવે છે જેથી જરૂર પડે તેમાં ઉપયોગ કરી શકાય. બીજુ દવા આપ્યા પછી દર્દીને સારું થાય ત્યાં સુધી તેનો ખ્યાલ રાખવામાં આવે છે અને સારું થાય કે તરત જ તેમની માન્યતા પ્રમાણે વિધિ પણ કરવી પડે છે.

આ સિવાય કડી પાણી વિસ્તારના આદિવાસીઓમાં કેટલાક ભગત થઈ ગયેલા છે તેઓ માંસ, મદીરાને નિશેધ ગણે છે તેઓ ખાસ કરી શંકર, હનુમાન કે અન્ય કોઈ દેવ દેવીના ભગત હોય છે. તેઓએ કોઈને પોતાના ગુરુ પણ બનાવેલા હોય છે. આવા વ્યકિતઓ છે તેઓ પોતાના ખેતર કે ગામની ખુલ્લી જમીનમાં દેવની સ્થાપના કરી મંદિર બનાવે છે.તેઓ પણ જંગલની દવા આપે છે. તેઓ ઈશ્વરની ઈચ્છા ઉપર વધારે શ્રધ્ધા રાખે છે. તેઓ દારૂ, મરઘી કે અન્ય માંસનો ઉપયોગ કરતા નથી તેઓ પોતાની શ્રધ્ધાવાળા દેવની પ્રાર્થના કરી દવા આપે છે. દર્દીને સારું થાય ત્યારે શ્રીફળ , અગરબત્તી કે જે કંઈ ટેક આપી હોય તે કરે છે. બન્ને પ્રકારના ભગતોમાં મહેનતાણા પેટે કંઈ લેવામાં આવતું નથી. દર્દીને દર્દ પ્રમાણે ચરી પાળવાનું કહેવામાં આવે છે. જેમાં ખાટુ, તીખુ, ભારે ખોરાક વગેરે લેવા દેવામાં આવતો નથી. આ ભગતો વનસ્પતિ દવાથી જ સારું થયું તેમ માને છે. જયારે બડવાઓ મંત્રથી સારું થાય છે તેમ વધારે માને છે. આમ બન્નેમાં થોડોક તફાવત જોવા મળે છે. ભગતો દરેક જગ્યાપરની દવા કામ આપે છે તેમ માને છે તેઓ પણ જંગલમાંથી દવા લાવી રાખે છે, કયારેક તેઓ રવિવારે અમુક દર્દીઓને દવા કરતા હોય છે તેમાં ખાસ કરી બાળકોના દર્દીનો સમાવેશ થાય છે.

જડચેતનમાં ઈશ્વરનો વાસ રહેલો છે તેમ માનવાવાળો વર્ગ પણ જડ વસ્તુમાં દૈવી શકિતની અસર જોઈ શકતો નથી પણ અહીંના આદિવાસીઓ જડવસ્તુઓ ઉપર પણ દૈવી શકિત ની અસર થાય છે તેને ચલાવવા તેને ખૂશ રાખવા માટે અનેક પ્રકારની વિધિ કરવામાં આવે છે. ડુંગરને પણ તેનો દેવ માની પૂજે છે. અનાજ અને શાકભાજીમાં રોગ પડે કે ઘંટી બરાબર ન ચાલે તો તે માટે પણ વિધિ કરવામાં આવે છે. મકાઈના ડોડામાં ઈયળ પડે કે રિંગણીના ફૂલ ગળી જતા હોય તો દિતવારે ( રવિવારે ) મરચીના પાંદડાં તોડી અનાજ ઉપર ઉતારી કોતરમાં ( રસ્તામાં ) મૂકી આવે છે. જેથી રોગ અટકે છે. તેજ રીતે ઘંટીમાં પણ બીમારી ઉતારે ઘંટી બરાબર ફરે તે માટે રસ્તા ઉપર લોટના ગોળ કુડાળા કરી તેમાં લોટથી ચોકડી કરવામાં આવે છે. આવા પાંચથી સાત કુડાળા કરવામાં આવે છે. આમ કરવાથી રસ્તો જાય તેમ ઘંટી ફર્યા કરે સાથે સાથે આકાશમાં જેમ સારસ પક્ષી એક લાઈનમાં એક સરખી ગતીથી ઉડે છે. તેમ ઘંટી પણ ફળે માટે ઘંટીની પણ બીમારી ઉતારવામાં આવે છે.

વનસ્પતિની દવા સાથે સાથે પ્રાણીઓ પક્ષીઓનો પણ દવા તરીકે ઉપયોગ કરે છે જેમાં શિયાળ, કબુતર, સફેદ ઉંદર, સસલા વગેરેનો ઉપયોગ પણ જાણતા હોય છે.

સ્ત્રીના પૂરા સમયે પ્રસુતિ ન થતી હોય તો, બાળક ઊંધુ થઈ ગયું હોય તો પણ સુયાણીબાઈ પેટ ચોરી વનસ્પતિ દવા આપે સાથે મંત્રનો પણ ઉપયોગ કરી પ્રસુતિ કરાવવામાં આવે છે. આમ દરેકે દરેક પાસામાં તેમની વત્તાઓછા પ્રમાણમાં જાણકારી હોય છે જ અને તે કામ તેઓ ખૂબ પ્રેમ અને નિષ્ઠાથી કરે છે.

બન્ને પ્રકારના ભગતો દવા બતાવવામાં સંકોચ અનુભવે છે. બહારથી આવનાર કે બીજો વ્યકિતને તેઓ જાણે તે કરતાં થોડોક ઓછી કે મુખ્ય વસ્તુ ગણતો હોય તેમ પણ બતાવે છે તેવું બને ખરું. આમાં તેમને ભય પણ લાગે છે. તેમને સરકારમાં બોલાવવામાં આવે છે. ઝાડ કપાવો છે તેમ માની તેમને પકડશે તેમ માની બતાવતા નથી કેટલાક બડવા શરુમાં બતાવા તૈયાર થાય છે પણ પછી દવા અંગેની વિગતે વધારે ચોકસાઈપૂર્વક માહિતી જાણીએ ત્યારે થોડોક લખાવી વચ્ચે જ બસ એમ બોલી જઈ અટકી જાય છે. પછી ફરીવાર તે બહુ દવા બતાવતા નથી. ક્યારેક તેને કોઈ લાભ મળશે તેવી આશા જન્મે તો પાછળથી છેવટે માણસની એકાદ બે વધારે દવા બતાવતા હોયછે.જોકે આવું ઘણા ઓછા કિસ્સાઓમાં બને છે. ક્યારેક તો તે જાણે તે બધાજ પ્રકારની દવા બતાવે છે. હા તે વાત ચોકક્સ છે કે તેની પાસે સમય હોય, બીજા સ્થાનિક લોકો ઓછા હોય, એકાંત

હોય, બડવો દુખવાના મુડમાં હોય ત્યારે વધારે દવા જણાવે છે. કયારેક લાભની લાલચે પણ વધારે બતાવે છે. કયારેકતો પોતાની કારકીર્દીમાં કેવા પ્રકારના દર્દોની દવા કરી કોણે કયાં બોલાવ્યા તેની પણ ચર્ચા કરતા હોય છે. ખાસ કરી બીન આદિવાસીઓની કે અધિકારીના પરિવારના કોઈ દર્દીની દવા કરી હોય તો વધારે બતાવતા હોય છે.

હવે તેમને જ બતાવેલી જુદા જુદા રોગ માટેની જુદી જુદી વનસ્પતિની દવા અંગે વિગતે જોઈએ જેમાં વનસ્પતિ દવાનું નામ કયા રોગમાં ઉપયોગી કેટલા સમયમાં રોગ મટે કયારે કયાં મળે, વાપરવાની રીત અને માત્રા તેમજ અન્ય કોઈ રોગમાં ઉપયોગમાં આવતી હોય તો તેની વિગત સાથે વેલ, છોડ કે ઝાડનું વર્ણન જેનાથી ઓળખવામાં સરળ પડે.

| ક્રમ | ઔષધનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ માટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પદ્ધતિ અને માત્રા | અન્ય રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | | | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | સંદેડો | સંદેહડો (લોકલનામ) | | હાડકું ભાગે તેમાં | સાત દિવસમાં | બારેમાસ ખેતર ગામડાઓમાં | તેના પાન બાફીને મીઠું નાખી પાટો બાંધવો | - | મોટું ઝાડ. આવે જાંબા આંબલા જેવા પાન આવે ગામડાઓમાં વાડ કરવામાં વપરાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | રહણો | રગત રોહિડો | રેમનસ વાઈટી આઈ | XXXXું XXXે લોહી બાજો ગયેલ હોયતો | XXX બે દિવસમાં | બારેમાસ જંગલમાં | છાલ લાવી ઉકાળીને ઝારવાથી લોહી બાજો ગયેલું હોય તો છૂટું પડી જાય છે. | - | મોટું ઝાડ આવે છે. મહુડાના પાન જેવા પાન આવે છે. |
| ૩ | વેલપાઠો | કુંવાર પાઠું | એલોવેરા XXલોઈXX | ગુંમડા ઉપર | બે દિવસમાં | દરેક જગ્યાએ બારેમાસ | તેનું પાન લાવી બાફી તેલમાં મીક્ષ કરી ગુમડા ઉપર લગાડવું | - | છોડ આવે છે. ધાર વાળા પાન થાય. |
| ૪ | ધતૂરો | ધંતૂરો | ધટુરાસ્ટ્રો મોનિયમ્ | ઉલટી કરવા માટે | તરતજ | દરેક જગ્યાએ બારેમાસ | તેના ફળના બે બીયાં વાટીને પાવા, વધારે પાવાં નહીં | ઝાડા ન થતા હોયતો | ધતૂરો એ છોડ છે અને સફેદ ફુલ આવે છે. ફળ ગોળ કાંટાવાળા |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | ત્રણ ~~બીજા~~ ~~પખવાડી~~ ઝાડા થાય છે. | આવે છે. પાન ગોટા આવે છે ઝેરો વનસ્પતિ છે. |
| ૫ | ભોંટિંગણી | ભોંરીંગણી | સોલેનમ ઝેંથોકાર્યમ | દાંતના દુઃખવામાં | બે દિવસમાં | ખેતર, જંગલમાં બારેમાસ | રિંગણીના બી અથવા છોડ બારી તેની મેંશ દાંતદુઃખે તે જગ્યાએ મૂકવી. લસોટીને પણ મૂકી શકાય છે. | - | રિંગણી છોડ છે. તેને નાના ફૂલ આવે કાંટા વાળો છોડ છે. તે કડવી હોય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | આંબાનો છોક | આંબાનો ગુંદર | મેંગીફેરા ઈન્ડિકા | દાઢ દુઃખે તેમાં | એક દિવસમાં | બારે માસ દરેક જગ્યાએ | આંબાનો ગુંદર પોલી - દાઢમાં દબાવાથી દાઢ કાઢી નાખે છે. (જેને દાઢ પાડી નાખવી હોય તેને જ આ પ્રયોગ કરવો) | | આંબો મોટું ઝાડ આવે છે દરેક જગ્યાએ થાય છે તેને ઘા કરવાથી ચીક નિકળે છે. |
| ૭ | લીમડાનો પા[illegible] | કડવો લીમડો | એઝાડિરેકટા ઈન્ડિકા | સાપના ઝેરમાં | તરત જ | દરેક જગ્યાએ બારેમાસ | લીમડાના પાન લાવી - પથ્થર ઉપર લસોટી ત્રણ તોલા જેટલો રસ પાવાથી ઝેર ઉતરે છે. | | લીમડો મોટું છાયા વૃક્ષ છે. લગભગ દરેક જગ્યાએ તે થઈ શકે છે. ઔષધમાં ઉત્તમ ગણાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ખાખેર | ખાખરો | બ્યુટ્રિયા, ફ્રોન્ડોઝા બ્યુટ્રિયા મોનોસ્પર્મા | મરડામાં | એકવાર પાવાથી | જંગલ, ખેતરમાં બારેમાસ | ખાખરાનું મૂળ લાવી ઘસી કે વાટી સો ગ્રામ જેટલું પ્રવાહીપાવાથી પાવાથી આરામ થાય છે. | - | ખાખરો મોટું ઝાડ થાય છે. પાન મોટા આવે છે. તેવા પાનનો ઉપયોગ પડીયા બાજ બનાવવામાં થાય છે. |
| ૯ | આંકોલ | અંકોલ | એલન્જિયમ લમાર્કી | છાતીનો કફ દુર કરવા | બે દિવસમાં | જંગલમાં બારેમાસ | તેનું મૂળ લાવી લસોટી સો ગ્રામ જેટલું પ્રવાહી પાવું પીવાથી ઉલટી થઈ કફ દૂર થાય છે. | - | આંકોલ કાંટાવાળું ઝાડ છે. ખેતરમાં વાડ બનાવાના કામમાં આવે છે. કાંટાવાળો સોટીઓ પણ થાય છે. મોટું ઝાડ પણ થાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭. | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | વેલ | . | ૰ | ઉનવા, ગર્મીમાં | બે દિવસમાં | શિયાળે ઉનાળે મળે. વાડામાં, જંગલમાં | તેની મૂળ કૂટી પાણીમાં સાકર સાથે મીક્ષ કરી આખીરાત રહેવા દેવું તે પ્રવાહી સવારે પીવું | - | વેલ છે. ચોમાસામાં થાય છે. પાન પાતળા સુવાળા આવે છે. બકરા ખાય છે. |
| ૧૧ | આંકડો | આકડો | આઈ ગૈપ્યા અને કેલેપ્રોપીસ પ્રોસીસ | માથાના દુઃખાવામાં | તરતજ | દરેક જગ્યાએ બારેમાસ | મૂળ લાવી ઘસી કપાળ ઉપર લગાડવું શારીરે કળતર થતી હોય તો પણ લગાડી શકાય. | શરીરે કડતર થાય તેમાં લગાડી શકાય. | આકડો છોડ છે. દરેક જગ્યાએ થાય છે પાન મોટા આવે તોડતાં દૂધ નીકળે છે. ફૂલના ઝૂમખા આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | કડવી | | | તાવ (કોઈપણ તાવમાં વાપરી શકાય) | એક વાર પાવાથી | ચોમાસામાં. દરેક જગ્યાએ | છોડ સાથે લસોટી પાણી નાખી સો ગ્રામ જેટલો રસ પીવો. | - | નાનો છોડ પાન લાંબો આવે. સફેદ ફૂલ આવે |
| ૧૩ | આવળ | આવળ | કેશિયા ઓરિક્યુલેટા | હાડકું ભાગે તેમાં | અઠવાડીયામાં (બે પાટામાં) | દરેક જગ્યાએ. બારેમાસ | આવળનો પાલો (પાન) બકરીનું દૂધ અને ખાંડ મીક્ષા કરી ગરમ કરી પાટો બાંધવાથી ભાગેલું હાડકું સંધાય છે. | - | આવળ છોડ, પીળા ફૂલ આવે છે. પાન નાના આવે છે. બારેમાસ મળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | બોરે | બોરડી | મીમી ફસુ જાંજુબ | વિંછીના ઝેરમાં | તરતજ | દરેક જગ્યાએ બારેમાસ | બોરડી પાન મસળી આસિતરા કે ટીમરું પાનની બીડી બનાવી પીવાથી આરામ થાય છે. | - | બોરે એ કાંટાવાળું ઝાડ છે.બોરનો ઉપયોગ ખાવામાં થાય છે. |
| ૧૫ | આલેરી | . | . | હાથપગ મચકોડાઈ ગયો હોયતો | એકબે દિવસમાં | જંગલમાં બારેમાસ | પાન લાવી લસોટી મીઠું નાખી ગરમ કરી બે પાટા બાંધવા | - | આલેરી મોટું ઝાડ આવે છે. પાન ટીમરું જેવું ચપટું આવે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬ | ગુગળ | ગુગળ | બાલસા મોડે-ક્રન-મુકુલ | XXXXXXX XXX શરીર ફીકુ પડી જાય તેમાં કમળાના દર્દમાં | ચાર પાંચ દિવસમાં | જંગલમાં વેપારીને ત્યાં | પાણી ઉકાળી તેમાં ૫૦૦ ગ્રામ જેટલો ગુંગર નાખી ઉકાળવા દેવું ત્યાર પછી તે પાણીથી દર્દીને સ્નાન કરાવવું | - | ગુંગરનું ઝાડ મોટું આવે છે તેનું થડ સફેદ હોય છે તે ગુંદર ફૂટે તેને ગુંગર કહે છે પણ લીમડીના પાન જેવા આવે છે. |
| ૧૭ | આંબલી | આમલી | ટેમેરીંડસ ઇન્ડિકા | ધાતુ સ્નાવ આંચવા શરીર ધોવાણ | બેથી ત્રણ દિવસ | દરેક જગ્યાએ બારેમાસ | આંબલીનું મૂળ લાવી કુટી પાણીમાં એક અઠવાડીયું સાકર સાથે બોળી રાખવું સવાર સવારે સો ગ્રામ જેટલું પીવું (પ્રમાણ સો ગ્રામ બસો ગ્રામ રાખવું ) | - | આંબલી બહુ જ મોટું ઝાડ થાય છે પાન ઝીણા આવે છે. તેના કાતરા ખાવામાં વપરાય છે. ખાટી આંબલી કહે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૮ | પોહળો | | | વા | બે ત્રણ દિવસમાં | ચોમાસામાં જંગલમાં | પોહળોની ગાંઠ લાવી પછી એક તોલા જેટલું પાવું | - | પોહળો વેલ થાય છે તેને જમીનમાં સાત ગાંઠ થાય છે xxx પાન ગોળ આવે છે. |
| ૧૯ | જંગલી સુરણ | વગડાઉ સુરણ | એમોર્ફો ફેલસ, સિલ્વેટિકા | લકવા | ત્રણ થી ચાર દિવસ માં | જંગલ માં ચોમાસા માં મળે રાખી શકાય છે. | જંગલી સુરણ લાવી તેને સીંગતેલમાં અથવા તલીના તેલમાં બાળવું તેની મેશ બનાવી તેમાં ગાયના ઘી માં મીક્ષ કરી માલીસ કરવાથી લકવો મટે છે. | - | જંગલી સુરણ જંગલમાં થાય છે. મોઠા સુરણ જેવોજ છોડ થાવે છે તેને xxxx કાળો ડાંડો થાવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦ | નાગેણ | | | નાગના ઝેરમાં | તરત જ | જંગલમાં બારેમાસ | પાન વેલા સાથે વાટી બેથીત્રણ તોલા જેટલું પાવાથી કોઈ જાતનું ઝેર ઉતરે છે. | આ દવા બાવચીત્તલા દર્દમાં આપેલ છે. | વેલ છે. નાગર વેલ જેવાજ પાન છે. ગાઢ જંગલમાં જ થાય છે. |
| ૨૧ | બાજર બટો | પાન બાજરિયું | ટાઈફા એલેક્ન્ટિયાના | નાના બાળકો સુકાઈ જાય તેમાં | બે દિવસમાં | નદી તળાવ કિનારે બારે માસ | મળ લાવી ઘસી દેશી ઘી સાથે દિવસમાં બે ત્રણ વાર ચટાડવાથી બાળક સારું થાય છે. | - | બાજરબટો છોડ છે. છોડને પાન બાજરીયું અથવા ઘા બાજરીયું પણકો થાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૨ | સીમળો | શીમળો | એરિઓડે -ડ્રોન એન્ફ્રેક્ટ્યુ અોઝમ | હાથે પગે સોજા આવે તેમાં | બેથી ત્રણ દિવસ માં | જંગલ માં બારે માસ | સીમળાના બી લાવી લસોટી સોજા ઉપર લગાડવાથી સોજા ઉતરે છે. | - | સીમડો મોટું ઝાડ આવે ડોડા જેવું ફળ લાગે છે. તેમાં [illegible]આવે છે એનો સાદર આવે તે તેમાં મડદ જેવા (ગો, લાગે છે. |
| ૨૩ | મરઘીનું ઈંડું ગાયનું ઘી | ઈંડું ઘી | | ક્ષાય | અઠવાડીયું | દરેક જગ્યાએ | મરઘીનું ઈંડું બાફી ગાયના ઘી સાથે ખાવાથી ક્ષાય મટે છે. | | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૫(અ)<br>(બ) | ભચુરું<br>રઈ | બિલાડી ના ટોપ<br>રાઈ | એગેરિકસ કેમ્પેસ્ટ્રિસ<br>બ્રાસિકા જંસિયા | કેન્સર | અઠવાડીયામાં | ચોમાસામાં જેઠ માસમાં | ભચરું લાવી આકડાના પાનમાં રાખી જમીનમાં ખાડો કરી મૂકવું તેના ઉપર અગ્નિ સળગાવવો જેથી તેમાંથી તેલ નિકળે છે. રઈ બારી તેની મેંશ કરી તે તેલમાં મીક્ષ કરી દિવસમાં પાંચ છ વાર માલીસ કરવી. | - | ભચુરું એ ચોમાસામાં આપોઆપ ઉગી નીકળે છે. તેને બીલાડીનો ટોપ પણ કહે છે. |
| ૨૬ | બકરીનું દૂધ | બકરીનું દૂધ | | આંખ આવે તો | એક દિવસમાં | દરેક જગ્યાએ | બકરીના દૂધનું પોતું આંખ ઉપર મૂકવું. | | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૭ | સિંધી | ખજૂરી | ફિનિક્સ સિલ્વેસ્ટ્રિસ | માનસિક રોગ | બે ત્રણ દિવસમાં | જંગલમાં બારેમાસ | ખજૂરીના થડમાં કેળા જેવો ગર્ભ આવે તે લાવી ગાયના ઘી સાથે ખાવો. | સ્ત્રીના માસિક રોગમાં ખાઈ શકાય છે. | ખજૂરી જેવા લાંબા થાય છે. મોટા ઝાડ થાય છે. તેના પાન સાવરણી બનાવવામાં વપરાય છે. |
| ૨૮ | (અ) ખરકુંદ (બ) કાકડ | ખરેટી ક્રાંકડ | સીડા કાર્પિની ફોલિયા ગેરુઆ પિન્નેટા | ગુમડા માટે | પાંચ દિવસમાં | જંગલમાં બારેમાસ | ખરકુંદનું મૂળ લાવી ઘસીને ચોપડવું. ગુંમડું ફાટી ગયા પછી કાકડાના પાન લાવી વાટીને બાંધવાથી ગુંમડું રુઝાઈ જાય છે. | - | ખરકુંદ છોડ છે. થોર જેવા પાન આવે છે. ચોમાસામાં વધારે મળે છે. કાકડ મોટું ઝાડ છે. બારેમાસ મળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ૨૯ | હરહડી | હાશા | | શરીરની ગર્મી હોય તો (પીળો પેશાબ આવતો ચાંદી પડતી હોયતો) | પાંચ દિવસ | દેવહાટ જંગલમાં ચોમાસા માં | તેના મૂળ લાવી વાટી તેમાં સાકર મીક્ષ કરી સો ગ્રામ જેટલું પ્રવાહી પાંચ દિવસ પાવું | - | હરહડી વેલ છે તેના પાન લાંબા આવે છે. ચોમાસામાં થાય છે. |
| ૩૦ | લોજણ | | | ઝાડા અને મરડા માં | ત્રણ દિવસમાં | જંગલમાં ચોમાસા માં | લોજણનું મૂળ લાવી, ઘસી વાટી-પચાસ ગ્રામ જેટલું પ્રવાહી દર્દીને પાવું | - | લાજણ છોડ છે ઝીણા પાન આવે છે. રાખો મુકવામાં આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૧ | નાહી | | | તાવ | બે દિવસ માં | ચોમાસા માં દરેક જગ્યાએ | છોડ લાવી સાફ કરી વાટી પાણી સાથે પીવાથી ગમે તેવો તાવ દુર થાય છે. | - | નાનો છોડ થાય છે.પાન લાંબાં આવે ચોમાસામાં થાય છે. |
| ૩૨ | નાગદમણી | | | ઢોર (પશુ) બીમાર પડે તો | એક વાર પાવાથી | જંગલમાં બારેમાસ | વેલ લાવી ઝીણી લસોટી પાણી નાખી ઢોરને પાઈ દેવું.૧૦૦ ગ્રામ જેટલું પ્રવાહી | - | વેલ આવે છે. જંગલમાં થાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૩ | લીંમડાના મીંજ | લીંબોડી | એઝાડિરે કટા ઈન્ડિકા | દાદર/ ખસ | બે ચાર દિવસ માં | દરેક જગ્યાએ | બીજ લાવી ઝીણા લસોટી દર્દના ભાગે લગાડવું | - | લીંમડાના બીજને મીંજ કહે છે. |
| ૩૪ | કુઠ્યો | | | આંખના રોગમાં | એક દિવસ માં | ચોમાસા માં ખેતરમાં | પાન મસળી આંખમાં બે ટીપાં નાખવાથી આરામ થાય છે. | - | છોડછ છે. આદિવાસી વિસ્તારમાં કઠોર તરીકે વપરાય છે. |
| ૩૫ | વાઘનું દૂધ ગાયનું ઘી | વાઘણનું દૂધ ગાયનું ઘી | | આંખમાં ફુલ પડે તો | પાંચ દિવસ માં | જંગલમાં પ્રાણી સંગ્રહાલય માં | વાઘણનું દૂધ ગાયના ઘી માં મીક્ષ કરી આંખમાં નાખવું | - | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૬ | જેઠીયું મધ | જેઠીમધ | ગ્લિસિરિઝા ગ્લેબ્રા | દમની બાંસી | પાંચ દિવસ | જંગલમાં બારેમાસ | મૂળલાવી છુંદીને ઉકાળી સવારે સો ગ્રામ જેટલું પાંચ દિવસ પીવું. | - | વેલ છે. લાંબા પાન આવે છે. થોર જેવા પાન હોય છે. |
| ૩૭ | તાડની પેટી | તાડ | બોરેસસ ફ્લેબેલીફર | કાનમાં પાક થતો હોય તો | સાત થી ૭ દિવસ માં | જંગલમાં બારેમાસ | નાના તાડમાં ઉપર એક ફૂલી પોલો નિકળે છે તે લાવી બાફી તેનો રસ કાનમાં નાખવો | - | તાડ બહુજ મોટું ઝાડ છે તેના તાડી પીવામાં વપરાય છે. તેના પાકા ફળ ખાઈ શકાય છે. |
| ૩૮ | જરકડીની ભાજી | | | નાના બાળકો એક ના દર્દમાં છાતી ચઢી હોય પેટ ફૂલી જાય દૂધ પચે નહીં ઉલટી થઈ જાય | બે વાર પાવા થી | દરેક જગ્યાએ ચોમાસામાં | તેનું મૂળ લાવી તેને ઘસીને પાણી સાથે તોલો બે તોલા ખાવું | - | જરકડીને તાંદરજાની ભાજી જેવો છોડ છે તે દરેક જગ્યાએ થાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ૩૯ | ~~અબોડા~~ અનોડી | સીતાફળ | એનોના સ્કેમોસા | ઢોરે કોડવાય તો | બે દિવસમાં | જંગલમાં બારેમાસ | પાનનો રસ કાઢી કીડા પડ્યા હોય તે જગ્યાએ મૂકવાથી આરામ થાય છે. | - | અબાડી મોટું ઝાડ થાય છે. તેના ફળ ગોળ આવે છે. તેને ગુજરાતીમાં સીતાફળ કહે છે. |
| ૪૦ | ખોખલી | શિયાળ | | વાઈ | સાત રવિવાર સુધીમાં | જંગલ ખેતરમાં બારેમાસ | ખોખલી એક શિયાળ જેવું નાનું પ્રાણી છે તેને રવિવારને દિવસે મારી તેનું કાળજુ શેકી ખાવાથી વાઈનું દર્દ મટે છે. | - | ખોખલો એ શિયાળથી નાના પ્રકારનું જંગલી પ્રાણી છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૧ | કરલા કૂવા | | | બાળકો કરવા માટે | ૧૫ દિવસ માં | દેવહાર જંગલમાં બારેમાસ | તેનું મૂળ લાવી ઘસી એક કપ જેટલું પંદર દિવસ પીવાથી બાળકો ન થતા હોય તો થાય છે. | - | કરલા કૂવાને દુધિયો ખોળો પણ કહે છે બોટલું છે. પાન રાતા અને ફૂલ સફેદ આવે છે. |
| ૪૨ | કાળો આકડો | કાળો આકડો | જાઇ ગેંટ્યા અને કેલેટો પીસ પ્રોસીરા | .. | .. | રતન મહાલના જંગલોમાં | તેના મૂળ લાવી ૧૫ દિવસ સ્ત્રીને પાવાથી બાળક થાય છે.અંદાજે સો ગ્રામ જેટલું પીવું | - | કાળો આકડો એ આકડા જેવો જ છે. પણ રંગે કાળો હોય છે. આ ક્યારે ક જ જોવા મળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૩(૧) | ખાખરોનું મૂળ | ખાખરો | બ્યુટિયા, ફ્રોંડોઝા બ્યુરિયા મોનોસ્પર્મા | નાના બાળકોના તાવમાં | બે ત્રણ દિવસમાં | જંગલમાં બારેમાસ | ત્રણેના મૂળ લાવી ઘસી પચાસ ગ્રામ જેટલું પ્રવાહી પાવું | - | ત્રણે મોટા ઝાડ થાવે છે. બારેમાસ જંગલમાં મળે છે. |
| (૨) | ઉઠદિયુંનું મૂળ | | | | | | | | |
| (૩) | તણસનું મૂળ | તણસ | | | | | | | |
| ૪૪ | માણો જાલર | | | (૧) માણસને ઝેર ખવડાવ્યું હોયતો (૨) માણસ બે શુદ્ધ થઈ ગયો હોય તો | એક બે દિવસમાં | જંગલમાં ચોમાસે શિયાળે | તેનું મૂળ લાવી ઘસી અથવા લસોટી એક કપ પાણી સાથે પાઈ દેવું | - | પાપડી જેવો વેલો હોય છે તેને પણ જાલર લાગે છે. તે દાણા લાલ અને કાળા આવે છે. જંગલો વાલોર પણ કહે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૫ | ભૂતાજી | | | ગાંડપણમાં | અઠવાડીયામાં | જંગલમાં બારેમાસ | તેના ઝાડના થડની છાલ લાવી ઘસીને પાવી. | - | ભૂતાજી મોટું ઝાડ છે પાન જામળા જેવા આવે છે. |
| ૪૬ | પતરાળી | | | માણસ ફીકકો પડી ગયો હોય સોઝા આવેલા હોય તેમાં | પંદર દિવસ | દેવઝાર ના જંગલમાં બારેમાસ | છાંડા લાવી ઘસી કે કુટી એક કપ જેટલો પંદર દિવસ પાવાથી આ દર્દ મટે છે. | - | પતરાળા મોટું ઝાડ આવે છે. જામ્બુના પાન જેવા પાન આવે છે. ફુલ પીળા આવે અડદ જેવા ફળ આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૭-૧<br>-૨ | કડીનાં છાંડા<br>ગુઠના છાંડા | | | ઢોરને મોઢી ચઢે તેમાં | એકવાર પાવાથી | જંગલમાં બારેમાસ | બન્નેનાં છાંડાં લાવી - કુટુને ઢોર ઉપર ઉતારી ને તે પાણીથી આરામ થાય છે. | | કડી મોટુ ઝાડ થાવે છે. ગઢપણ મોટુ ઝાડ બોરડી જેવા ગોળ પાન લાગે છે. |
| ૪૮ | ઘાપુ | ઘામારી | પ્રાયો ફિલમ કેલિસિનમ્ | ઘા પડે તેમાં | બે દિવસ માં | જંગલમાં ચોમાસા માં | ઘાસ લાવી વાટીને ઘા ઉપર ચોપડવું | - ૮ | ચોમાસામાં પાસ થાય છે. તે ઘા ઉપર લગાડી શકાય છે. |
| ૪૯ | મીણો જાલર | | | પેટમાં ગાંઠ થઈ હોયતો | પંદર દિવસ | જંગલમાં (રાખી મૂકવાથી બારેમાસ) | મીણા જાલરનું મૂળ ઘસી ને પાવું. | | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૦ | અજગરનું ચામડું | અજગર | | પેટમાં ગાંઠ થઈ હોય તો | પંદર દિવસ માં | પ્રાણી સંગ્રાલય માં | તેનું ચામડું સુકવી ઘસીકે વાટી થોડો કકડો પાવાથી ગાંઠ ઓગળી જાય છે. | - | અજગરએ સાપના જાતનું જંગલી જાનવર છે. |
| ૫૧ | દિવર | ચટાપટા વાળો સાપ | | કંઠમાળ | અઠવા ડીયા માં | જંગલમાં | લાવી સુકવી વાટી કે ઘસીને કંઠમાળ ઉપર ચોપડવાથી મટી જાય છે. | - | દિવરએ પણ એક સાપની જાત છે તે કાબર ચિતરો હોય છે.તેને કાબરો નાગપણ કહે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પર | દાંતી | દાંતી | ક્રોટન પોલિએન્ડ્રમ | છાતીમાં કફ થાય તેમાં | બે ત્રણ દિવસમાં | જંગલમાં બારેમાસ | તેનું મૂળ લાવી ઘસીને પાવાથી છાતીનો કફ છુંટોપડી જાય છે. પચાસ ગ્રામ જેટલું પ્રવાહી પાવું | - | દાંતી છોડ છે તે જંગલમાં પથ્થરવાળી જગ્યાએ થાય છે. |
| પ૩ | પીળવી | | | કાનના દુઃખાવામાં | એક દિવસમાં | જંગલમાં ચોમાસામાં | તેનું મૂળ લાવી ઘસી દર્દીને પાવું અને કાનમાં બે ટીપાં નાખવાં. | - | પીળવી છોડ છે. ચોમાસામાં થાય છે. કાબર ચિતરા પાન આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૪-૧ | મેણાનો ચીક | મુચકંદ | ટિરોસ્પ મંમ સુબેરિ ફ્રોલિયમ | છાતીના કફ માટે | બે દિવસમાં | જંગલમાં બારેમાસ | મેણાનો ચીક ગરમ કરી મીઠું નાખી છાતી ઉપર લેપ કરવો. તેજ રીતે થોરનો ચીક(દૂધ) પણ ગરમ કરી મીઠું નાખી છાતી ઉપર રૂથી લેપ કરવો. | - | મેણો મોટું ઝાડ આવે છે. થોર વાડ કરવામાં વપરાય છે તે કાંટાવાળો |
| ૨ | થોરનો ચીક | થુવેર ચોધારો | યુંફોર્બિયા નેરીફોલિયા | | | | | | |
| ૫૫-૧ | થૂવરનું મૂળ | થૂવેર | યુફોર્બિયા | હડકવા ઉપર | ૧૫ દિવસમાં | જંગલમાં બારેમાસ | ત્રણેના મૂળ લાવી મીક્ષ કરી વાટીને એક એક કપ જેટલું પ્રવાહી પીવું | - | ખરાણી બારમાસો ઝાડ છે. તીન પંખીનો છોડ થાય છે. |
| ૨ | ખરાણીનું મૂળ | | | | | | | | |
| ૩ | તીન પંખોનું મૂળ | | | | | | | | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૬ | હીણી | | | શરીરે ચેર થાય ચાઠા થાય તેમાં | પંદર દિવસ માં | બારેમાસ નદીમાં મળે છે. | હીણીના મૂળ લાવી વાટીને શરીરે ચોપડવા અને દર્દીએ થોડા પીવા પંદર દિવસ આ પ્રયોગ કરવો. | - | હીણી નદીમાં છોડ થાય છે. ઝીણા પાતરા પાન આવે છે. ફુલ સફેદ આવે છે. |
| ૫૭ | વાઈવેણું | શરસડો | આલ બિઝિયા લેબેક | માથાના દુ:ખાવા માટે | એક બે વાર લગાડવાથી | જંગલમાં બગીચામાં રોડ ઉપર | તેમા સિંગનું બી લાવી ઘસી ક્યારે ચોપડવાથી માથું દુ:ખતું મટે છે. | - | મોટું ઝાડ આવે છે પાન ઝીણા આવે હાથ લાંબી ચપટી સિંગ લાગે લગભગ નવ બી બાળો હોય છે. રોડ ઉપર ઉગાડવામાં આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૮-૧ | રાણી કોહરું<br>૨ લીમડાની છાલ | લીમડો | એઝાડિરેક્ટા ઇન્ડિકા | લોહી બગાડમાં | અઠવાડીયા દસ દિવસમાં | જંગલમાં રાણી કોહરું લીમડો દરેક જગ્યાએ | રાણાકોહરું અને લીમડાની છાલ મીક્ષ કરી દારૂની માફક ઉકાળી તે વરાળનું પાણી પીવાથી લોહી શુધ્ધ થાય છે. | - | રાણી કોહરું કોળાની જાત છે. આદિવાસી વિસ્તારમાં થાય છે. નાના થાય છે. લીમડો મોટું ઝાડ છે દરેક જગ્યાએ થાય છે. |
| ૫૯ | ભારે કોહરું | કોળું. | ક્યુકુરબિટા મેક્સિમા ક્યુકરબિટા પેપો | દમના દર્દમાં | અઠવાડીયામાં | દરેક જગ્યાએ બારે માસ. | કોળાના ટુકડા કરી એક માટલીમાં ગરમ કરવું તેને એક કાણું રાખવું તેમાંથી જે પ્રવાહી નિકળે તે દર્દીને લેટાઇમ પાવું. | - | વેલ આવે છે. તેને મોટા કોળા લાગે છે તેના તેલનો ઉપયોગ કરવો. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬૦ | ભાંગરાવ | | | ઝાડામાં | બે ત્રણવાર પાવાથી | જંગલમાં ચોમાસામાં જોયેલ રોયતો બારેમાસ મળે | મૂળ લાવી પાણી સાથે વાટીને પચાસ ગ્રામ જેટલું વાટી બે ત્રણ ટાઇમ પીવું | - | છોડ આવે છે. અડધો ફુટ ઉંચો થાય છે. પાન લાંબા આવે છે. |
| ૬૧ | લોહદણ | | | કમરના દુઃખાવામાં | પંદર દિવસમાં | છોટા ઉદેપુર જંગલમાં બારેમાસ | મૂળલાવી ઘસી કે વાટી પાણી સાથે સવાર સાંજ સો સો ગ્રામ પીવાથી કમરનો દુઃખાવો દૂર થાય છે. | - | લોહદણ બે ફુટ ઊંચો છોડ આવે છે. કમુળોના પાન જેવા પાન આવે છે. બારેમાસ મળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬૨ | ખરખુંદ | | | પશુના દર્દમાં ખોરાક ન ખાય કે પાણી ન પીવે તેમાં | એક બે વાર પાવાથી | ચોમાસામાં જંગલમાં | તેના મૂળ લાવી ઢોરને બે વાટકી જેટલું પાવાથી સારું થાય છે. | - | જમીન સરખાં ગોડ આવે છે ધાણા જેવા પાન આવે છે. |
| | રિંજણી | | | ,, | ,, | જંગલમાં બારેમાસ | રિંજણીના નાના છોડના મૂળ લાવી ઘસી કે વાટીને પાવાથી પશુનું દર્દ દૂર થાય છે. | - | રિંજણી બાવર જેવું મોટું ઝાડ આવે છે. બાવરના પાન જેવા પાન આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬૩ | રગત રોહિડો | રગત રોહિડો | રેમનસ વાઇટી આઇ | કમરના દુઃખાવામાં | બે દિવસ માં | જંગલમાં બારેમાસ | તેની છાલ લાવી કુટી પાણીમાં પલાટી રાખી તે પાણી પીવું | - | મોટું ઝાડ આવે છે મહુડા જેવા પાન આવે. બારેમાસ આવે છે. |
| ૬૪ | શિશરો | સાપસૂન | એરિસ્ટો લોચિયા ઇન્ડિક | નાગના ઝેરમાં | તરત જ | જંગલમાં ચોમાસા માં | મૂળ લાવી ઘસી કે વાટી સો ગ્રામ જેટલું પાવાથી ઝેર ઉતરે છે. | - | વેલ આવે છે નાગરના પાન જેવા પાન આવે કાળું પાન આવે છે. |
| ૬૫ | કેરીનો ચીક | કેરીનો ચીલ (આંબો) | મેંગી ફેરા ઇન્ડિકા | વિછીંના ઝેરમાં | તરત જ | ઉનાળે દરેક જગ્યાએ | કેરીનો ચીક એક નાની શીશીમાં ભરી રાખવો તે ડંખ ઉપર ચોપડતાં આરામ થાય છે. | - | આંબાનું મોટું ઝાડ આવે છે. કેરી સીઝનમાં જ મળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬૬ | XX ધમુડી | | | પશુની આંખમાં ફૂલ પડે તો | અઠવાડીયામાં | નદી કિનારે બારે માસ | ધમુડીનો પાલો બાફીને આંખ ઉપર અઠવાડીયું બાંધવાથી ઢોર કે ફૂલ દૂર થાય છે. (માણસ માટે વપરાતું નથી ) | - | ધમુડી નદી કિનારે મોટા જંગલમાં થાય છે પાન ઝીણા આવે ફૂલ રાતુ આવે છે. |
| ૬૭ | ભોંય ગરાવ | | | ઉલટી | એક દિવસમાં | જંગલમાં ચોમાસે શિયાળે | મૂળ લાવી વાટીને પાણી સાથે પચાસ ગ્રામ જેટલું ખાવું | - | છોડ આવે છે. ચોમાસામાં થાય છે. મૂળ પાતળા ઝૂમખામાં આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬૮– | ૧ કુંભી<br>૨ આંબ<br>૩ જામળી | જાંબુ | યુજેનિયા જેમ્બાલેના | ઝાડા માં | બે ત્રણ ટાઈમ પાવા થી | જંગલમાં બારેમાસ | ત્રણેના છાંડા લાવી ઘસી કે વાટીને પાણી સાથે પાવા થી ઝાડા મટી જાય છે. | - | ત્રણે મોટા ઝાડ આવે છે. જંગલમાં બારેમાસ મળે છે. કુંભી ખાખરા જેવું ઝાડ છે. જામળી એ જાંબુ જેવું વૃક્ષ છે. |
| ૬૯– | ૧ લોહજણનું મૂળ<br>૨ બપોલિયો ચણો<br>૩ સસલાનો ચારો | લાજણી | ક્રેસા ક્રેટિકા | ધાતુ સ્ત્રાવ માં(પેશાબ માં ધાતુ સ્ત્રાવ થતો હોય તેમાં) | એક બે દિવસ માં | જંગલમાં ચોમાસે શિયાળે નો પાક હોય તો બારેમાસ | ત્રણેના મૂળ લાવી મીક્ષ કરી વાટીને પાણી સાથે પચાસથી સો ગ્રામ જેટલા પાવાથી આ રોગ દૂર થાય છે. | - | લોહજણ છોડ છે. બપોરિયો ચણો જંગલી થાય છે છોડ છે. સસલાનો ચારો એ પણ વેલ જેવો છોડ છે. સસલા ખાય માટે સસલાનો ચારો કહે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭૦- | ૧ રિંજણીનું મૂળ<br>૨ સરેરિડીનું મૂળ | | | ઢોર બિમાર પડે તેમાં | એકવાર પાવાથી | રિજવાણી બારેમાસ સરેરિડી ચોમાસામાં જંગલમાં | બન્નેના મૂળ લાવી ઝીણા વાટીને તે પાણી ૫૦૦ ગ્રામ જેટલું પશુને પાઈ દેવાથી આરામ થાય છે. | - | રિંજણી મોટું ઝાડ આવે છે. સરેરેડો છોડ આવે છે ચોમાસામાં થાય છે. |
| ૭૧ | ભટુંગણી | ભોરીંગણી | સોલેનમ ઝેંથો કાર્યમ | દમ/ ખાંસી | અઠવાડીયામાં | જંગલમાં વગડામાં બારેમાસ | તેના મૂળ લાવી ઉકાળી દરરોજ સવારે પચાસ ગ્રામ જેટલા પીવાથી દમ મટે છે. | - | કાંટાવાળો છોડ આવે છે. પાકેલા ફળ પીળા હોય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭૨ | લોહજણ ગરાવ | | | ઝાડામાં મરડામાં | બે દિવસ માં | શિયાળે ચોમાસે જંગલમાં | બન્નેના મૂળ લાવી પચાસ ગ્રામ જેટલું પ્રવાહી પીવાથી આરામ થાય છે. | - | બન્ને.છોડ છે. ચોમાસામાં થાય છે. |
| ૭૩ | ભોંય દાંતિયો | દાંતી | ક્રોટનચો લિસ્ડ્રેમ્ | અપચામાં પેટની કોઈ બીમારી | એકવાર પીવાથી | દેવહાટ જંગલમાં બારેમાસ | મૂળ લાવી ઘસી એકબે તોલા પીવાથી ઝાડા વાટે અથવા ઉલટી થઈ પેટનો બગાડ નીકળી જાય છે. | - | છોડ આવે છે. એક ફૂટ ઊંચો છોડ આવે છે. લાંબા પાન આવે મૂળ અંગુઠા જેવું જાડું આવે છે. પાચું હોય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭૪ | સસલાનો ચારો | | | સ્ત્રીને ખૂન પડે તેમાં | બે દિવસ માં | જંગલમાં બારેમાસ | તેના મૂળ લાવી ઝીણા વાટીને પાણી સાથે અઢી સો ગ્રામ જેટલું બે દિવસ પીવું | - | છોડ હોય પાનના વેલ જેવા પાન આવે છે. લીલા રંગનો હોય છે. |
| ૭૫ | અલવો | અરડૂસો | ઐઈલેન્થસ એક્સેલ્સા | તાવમાં | એકવાર પીવાથી | બારેમાસ દરેક જગ્યાએ | તેના છાંડા લાવી કુટીને પાણીમાં બોળી રાખી તે પાણી સો ગ્રામ જેટલું પીવાથી તાવ દુર થાય છે. | - | અલવો મોટું ઝાડ આવે છે. સાંઠા ઘાળા પાન આવે લીમડા જેવા પણ મોટા પાન આવે છે. |
| ૭૬ | જુંગ | | | ઝાડા | એકબે વાર પીવાથી | જંગલમાં બારેમાસ | તેનો પાલો લાવી પચાસ ગ્રામ જેટલો પીવાથી આરામ થાય છે. | મરડાઓં | છોડ આવે છે. નાના પાન પણ આવે છે. મડાના દાણા જેવા દાણા આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭૭ | લીમડાનું ઘોઠું | લીમડો | એઝાડિરેક્ટા ઈન્ડિકા | ગુંમડા/ ચાંદામાં | બેત્રણ દિવસમાં | દરેક જગ્યાએ બારેમાસ | છાંડુધથી ચાંદા ઉપર કે ગુમડાની આજુબાજુ ચોપડવું તેનું મો ખુલ્લું રાખવું | - | લીમડો મોટું ઝાડ આવે દરેક જગ્યાએ થાય છે. |
| ૭૮- | સસલાનો ચારો -લોહજણ -ગરાવ | | | બાળકો ન થતા હોય તો | બે માસ સુધી | જંગલમાં બારેમાસ | ત્રણેના મૂળ લાવી મીક્ષ કરી વાટીને તેનો રસ દરરોજ પીવાથી કોઠો સાફ થઈ બાળકો થાય છે. | - | સસલાનો ચારો વેલ જેવો હોય છે. ખોરજણ છોડ છે. કમુળી જેવા પાન આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭૯ | | | | | | | | | |
| (૧) | મહુડો | મહુડો | બેસિયર લેટીફોલિયા | પીળીયાના દુઃખમાં | બે દિવસમાં | જંગલમાં બારેમાસ | બધાના મૂળ લાવી કુટી ઉકાળીને પાણી બે દિવસ પીવાથી પીળીયાનું દર્દ મટે છે. | - | નાગડામણ વેલ છે બાકી બધા મોટા ઝાડ છે. જે જંગલમાં બારેમાસ મળે છે. |
| (૨) | કાકડીયો | કાંકડ | ગેરુઆ પિન્નેટા | | | | | | |
| (૩) | રાગડો | | | | | | | | |
| (૪) | બેહડો | બેહડાં | ટરમિનેલિયા બેલેરિકા | | | | | | |
| (૫) | રોહણો | રોહિણી | સોયમીડ ફયુજા | | | | | | |
| (૬) | કડે | કાંડોળી | સ્ટરક્યુલિયા યુરેન્સ | | | | | | |
| (૭) | ફોફરિયા | | | | | | | | |
| (૮) | નાગડામણ | | | | | | | | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮૦ | જેઠી મધ | જેઠી મધ | ગ્લિસિરિઝા ગ્લેબ્રા | ખાંસીમાં | બેત્રણ દિવસમાં | જંગલમાં બારેમાસ | તેના મૂળ ચાવી ખાવાથી ઉધરસ મટે છે. | - | વેલ આવે છે. પાન નાના આવે છે. |
| ૮૧ | (૧) ખરકોણ (૨) થોરનું મૂળ | થુવેર ચાંધારો | યુફોર્બિયા નેરીફોલિયા | પશુના દર્દમાં આફરા માં | એકજ વાર પાવા થી | ખરકોણ જંગલમાં ચોમાસા માં બારેમાસ | ખટકોણ વેલ છે તેને કંદ આવે તે લાવી કુટીને પાવાથી ઢોરના દર્દ મટે છે. થોરનું મૂળ એકવેંત જેટલું લાવી કુટીને એક ગ્લાસ જેટલું પાવાથી આફરો ઉતરે છે. આ બન્ને દવા અલગ અલગ કરવી. | - | ખરકોણ વેલ છે. થોર જેવા પાન આવે. ચોમાસામાં મળે. થોર એ દરેક જગ્યામેં થાય છે. કાંટાવાળો હોય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮૨ | ૧ ભાભરુ<br>૨ હુકરી | | | સાપના ઝેરમાં | તરત જ | દેવહાટ જંગલમાં ભાભરુ બારેમાસ હુકરી ચોમાસામાં | ભાભરુનો કંદ લાવી ડંખ ઉપર ચોપડવો<br>હુંકરીના મૂળ લાવી ઘસીકે કુટીને પાવું | - | વેલ આવે છે પાન મોટા આવે છે. હુકરી ઘાસ કે સફેદ આવે છે. ઝીણા સોય જેવા કાંટા આવે છે. ચોમાસામાં થાય છે. |
| ૮૩ | ઘિલોડી | ઘોલી | કોક નિસિ નિયા ઇન્ડિકા | નાના છોકરાને છટ્ટી લાગે સુકાઈ જાય. | એકજ વાર પીવાથી | જંગલમાં બારેમાસ | ઘીલોડોનું મૂળ લાવી ઘસી નાના બાળકને એક બે તોલા પાવું | - | જંગલી ઘીલોડોના વેલા ચોમાસામાં થાય છે. તે કડવા હોય છે. ઘીલોડીનો પ્રકાર જ છે. |

| १ | २ | ३ | ४ | ५ | ६ | ७ | ८ | ૯ | १० |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ८४ | જીંજણો | | | હાડકું ભાગે તેમાં | અઠવાડીયામાં | જંગલમાં ચોમાસામાં | તેના મૂળ લાવી ઘસી કે વાટી પાવાથી ભાગેલું હાડકું સંધાઈ જાય છે. | - | જીંજણો બે ફૂટ ઉંચો છોડ થાય છે. હથોળી જેટલા પાન થાય છે. |
| ८५ | જીંજણી | | | ઝાડામાં | બેત્રણ ટાઈમ પીવાથી | જંગલમાં ચોમાસામાં | તેના મૂળ લાવી પચાસ ગ્રામ જેટલું પ્રવાહી પાવું | - | છોડ આવે છે. જીંજણા જેવો જ છોડ છે. |
| ८૬-१ | ઘાયું | ઘામારી | પ્રાયો ફિલમ કેલિસિનમ્ | ઘા ઉપર | પાંચ છ દિવસમાં | જંગલમાં ચોમાસામાં | ઘાયુ છોડ લાવી ચોપડવાથી ઘા મટી જાય છે. | - | ઘાયુ છોડ છે. એક બે આંગળ લાંબા પાન આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮૬-૨ | બોલયુ | | | | | | બોલયુના પાન ઝાળી ઘા ઉપર લગાડવાથી ગમે તેવો ઘા રુજાઇ જાય છે.બન્ને દવા અલગ થઇ શકે છે. | - | બોલયું છે.જાન સરખો છોડ થાય છે.પાન લાંબા આવે માન મસળી ચોપડવામાં આવે છે. |
| ૮૭-૧ | વીસમુળીયું<br>૨ ભઇ ગરાવ<br>૩ લોહજણ | | | ઝાડામાં | એક દિવસ માં | ચોમાસા માં જંગલમાં લોજણ બારે માસ મળે છે. | ત્રણેના મૂળ ઝાડા માં ઉપયોગી છે. મીક્ષા કરી અથવા જેટલા મળે તેટલા લઇ પાણી સાથે વાટીને પાવા. | - | ૧ – વીસમુંળીયું છોડ છે. તેને નાના મૂળ હોવાથી તે નામ પડયું (?) આવતા નથી.<br>૨– ભઇગરાવ છોડ છે.<br>૩– એક ઊંચો છોડ થાય છે તે બારેમાસ મળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ૮૮ | નાયકુ | | | તાવમાં | બેવાર પાવા થી એક દિવસ માં | ખેતર, જંગલમાં બારેમાસ. | તેનો પાલો કે મૂળ લાવી લસોટી પચાસ ગ્રામ જેટલું પ્રવાહી પાવાથી ગમે તેવો તાવ દૂર થાય છે. | - | નાયકું નાનો જાાન સરખો છોડ થાય છે.પાન લાંબા આવે છે. |
| ૮૯ | કરાડીયું | | | શરીર ફીકકું પડે તેમાં (લોહીશુધ્ધ થાય છે) | બેત્રણ દિવસ માં | ખેતર જંગલ માં ઉનાળામાં મળે | તેના મૂળ લાવી કુટીને પાણી સાથે પાશેર પાશેર દરરોજ પાવાથી શરીર સારું થાય છે. | - | કરાડીયું છોડ છે પાન ઝીણા આવે છે તેનો ડાંડો કાળા રંગનો હોય છે. તે તોડતાં પીળો નીકળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯૦ | ઘા ચિયું | | | શરીરે સોઝા આવી જાય | બેત્રણ દિવસ માં | બારેમાસ દેવહાટના જંગલમાં | તેના મૂળ લાવી વાટીને અડધાશેર જેટલા દરરોજ પાવાથી શરીર સારું થાય છે. | - | નાનો છોડ થાય છે. પાન લાંબા આવે છે જંગલમાં બારેમાસ મળે છે. |
| ૯૧ | બડવો | | | ગુંમડા | બેત્રણ દિવસમાં | જંગલમાં બારેમાસ | છોડનો કંદ લાવી ઘસી ખારું મીઠું નાખી ગુમડા ઉપર ચોપડવાથી બેત્રણ દિવસમાં આરામ થાય છે. | - | છોડ આવે છે. પાન નથી આવતા કાંડો નીકળે |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પાવારોડી | | | ગુંમડું ફાડયા પછી | બે ત્રણ દિવસ માં | જંગલમાં બારેમાસ | પાક નીકળ્યા પછી છાંડું લાવી ઘસીને ચોપડવ થી રુઝ આવી જાય છે. | - | સાટા જેવું ઝાડ આવે છે. બારેમાસ જંગલમાં મળે. |
| ૯૨ | કમ્બો | | | ઘા | બે વાર દિવસમાં | દરેક જગ્યાએ બારેમાસ | છાંડુ લાવી ઘસીને ઘા ઉપર લગાડવાથી ઘા રુજાઈ જાય છે. | કફ છુટો પડે છે. | કમ્બો ઝાડ છે પાન ગોળ આવે છે. બારેમાસ મળે છે. |
| ૯૩ | કોહળાનું મૂળ | કોળું | બેનિન્ કાસા સેરિફેરા | બાળક ન થતું હોય તો | બે ત્રણ દિવસ | દરેક જગ્યાએ બારેમાસ | કોળાના મૂળ લાવી ઘસી-ને વાટીને ૨૦૦ ગ્રામ પાણી સાથે પુનમ કે અમાસના દિવસ પછી સ્ત્રીને પાવું.બેત્રણ દિવસ પીવાયી ગર્ભ રહી બાળક થાય છે. | | કોળુ વેલ છે. પાન મોટા આવે તે શાકભાજીમાં વપરાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯૪ | કાંદાળો | | | ગુમડા ઉપર | બે ત્રણ દિવસ માં | જંગલમાં બારેમાસ | કંદ લાવી ઘસીને ગુમડા ઉપર ચોપડવાથી ગુમડું પાકી ફાટી જાય છે. | વેલ છે પાન મોટા આવે છે. જમીન સરખો થાય છે. | |
| ૯૫ | મીણોઝાલારે | | | પશુના દર્દમાં ફૂલી જાય ચારો ન ચરે | એકવાર પાવાથી | જંગલમાં બારેમાસ | તેના મૂળ લાવી કુટી - ને ૫૦૦ ગ્રામ જેટલું પ્રવાહી બનાવી પાઈ દેવું. | | મીણો ઝાલારે એ વેલ છે. જંગલમાં થાય છે. વાલોર જેવોજ આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯૬ | ધાળો ટીમેરાં | સફેદ ટીબરું | ડાયોસ્પા ઈરોસ, એમ્બ્રીઓપ્ટે રિસ | ગુમડા ઉપરના ચાંદામાં | બે ત્રણ દિવસ માં | જંગલમાં બારેમાસ | છાલ લાવી ઘસીને ચાંદા ઉપર લગાડ વાથી ચાંદા મટી જાય છે. | - | ટીમરું જેવું જ ઝાડ આવે પણ થડ સફેદ [illegible] છે. |
| ૯૭ | ભૂરો હાદરો | ધોળો સાજડ | સરકયુ લિયા યુરેન્સ ટર્મિને લિયા ટોમેન્ટો સા | બાળક ન થતું હોયતો | .. | .. | મૂળ લાવી ઘસીને પુનમ પછી બે ત્રણ દિવસ સ્ત્રીને પાવાથી ગર્ભ રહે છે. | - | મોટું ઝાડ આવે છે. તેનું થડ ભૂરું હોવાથી ભૂરો હાદરો તેવું કહે છે. |
| ૯૮ | ચિતર વાલ | | | નાના બાળક એકને નજર લાગો વાર. હોય, ખોરાક પાવા પચતો ન હોય થી | | .. | તેનું મૂળ લાવી ઘસીને પાણી સાથે પાવાથી ઉલટી થઈ નિકળી જાય છે. | - | છોડ આવે [illegible] પાન ઝીણા આવે છે. બારેમાસ [illegible] છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯૯ | પહેલી સિઝનનો નીરો | | | વાતુ સ્રાવમાં | એક વાર | વાડીમાં ઋતુ પ્રમાણે | પહેલી ઋતુનો નિરો ઉતારી પાવાથી પેશાબમાં વાતુ જતુ હોય તો અટકે છે. | - | તાડ મોટા ઝાડ આવે છે. તેના રસ ને નિરો કહેવાય છે. |
| ૧૦૦ | આકડાની ડોડી | આકડાની ડુંખ | | માથાના દુ:ખાવા માં | એકવાર નાખવાથી | બારેમાસ દરેક જગ્યાએ | આકડાની ડુંખ લાવી મસળી તેમાં થોડું મીઠું નાખી બે ટીપા નાકમાં નાખવાથી માથું ઉતરી જાય છે. | - | XXX આકડો છોડ છે. પાન મોટા આવે દરેક જગ્યાએ થાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ૧૦૧ | વાગડે | વાગોળ | | લકવા માં | બે ચાર દિવસ માં | ઝાડ ઉપર બારે માસ | વાગોળએ પક્ષી છે તેને મારી તેનું શાક બનાવી ખાવાથી દર્દ મટે છે બે ત્રણ વાગોળ ખવડાવવી પડે છે. કબુતરનું માંસ પણ લકવાવાળાને ખવડાવે છે સાથે તેના ખૂનની માલીસ કરે છે. | - | વાગોળ પક્ષી છે તે ઝાડ ઉપર ઊંધા મસ્તકે લટકી રહે છે. રાત્રિ દરમ્યાન ઊડે છે. કબુતર એ પક્ષી છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦૨ | બકરાનું લીંગ | | | દાજી ગયેલા ઉપર | અઠવા ડીયામાં | ખાટકીને ત્યાં | બકરાનું લીંગ લાવી તેને બાળી રાખ કરી દાજી ગયેલા ઉપર લગાડવાથી સારું થાય છે. નપુસક પુરુષને બકરાનું લીંગ સેકી ખવડાવાથી પુરુષત્વ આવે છે. | - | બકરો પ્રાણી છે. તેનું માંસ માંસાહારી લોકો ખાય છે. |
| ૧૦૩ | મરવસ | | | કાયમી ખાંસી દમમાં | બે દિવસમાં | જંગલમાં બારેમાસ | તેના મૂળ લાવી વાટીને પીવા અથવા ચાવવાથી કાયમી ખાંસી દૂર થાય છે. | - | વેલ આવે છે. પાન મોટા આવે છે. મૂળ ધોળા આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦૪ | મીચું | બાવચી | સોરેલિયા<br>કોરિલિ<br>ફોલિયા | મરડામાં | એક<br>બે<br>વાર<br>પાવા<br>થી | શિયાળે<br>ખેતર<br>જંગલમાં | તેના બી ગાય કે<br>બકરીના દૂધમાં<br>પચાસ ગ્રામ જેટલા<br>પાવાથી મરડો<br>મટે છે. | - | છોડ આવે છે. ખેતરમાં<br>કે પડતર જગ્યામાં<br>થાય છે. તુવેર જેવો<br>જ છોડ થાય છે.<br>બી કાળા ઝીણા<br>આવે છે. |
| ૧૦૫ | આંબાની<br>મરવા | આંબાના<br>જીણા<br>મરવા | મેંગી<br>ફેરા<br>ઇન્ડિ<br>કા | ઉલટી | એક<br>વાર<br>પીવા<br>થી | ફાગણ<br>માસમાં<br>વાડીએ | આંબાને જીણી<br>કેરી આવે તે<br>નિસીંગળી જાય<br>છે. તે લાવી વાટી<br>ને તેની ફાકી<br>મારવાથી ઉલટી<br>મટી જાય છે. | - | આંબાને મોર પછી<br>નાની કેરીઓ<br>આવે તેને મરવા<br>કહેવામાં આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦૬ | તાડની ગોટી | તાડફળ | બોરેસસ ફ્લેબેલી ફર | ભૂખ ઓછી લાગે | - | તાડ ઉપર ઋતુ પ્રમાણે | તાડની પાકેલી ગોટી સવારે ખાવાથી આખો દિવસ ભૂખ લાગતી નથી. | - | તાડ મોટું ઝાડ થાવે તેને તાડ ફરિ લાગે તે પાકે એટલે ખાઇ શકાય છે. |
| ૧૦૭- | ૧ આલરીનું છાંડું<br>૨ ગરમાળાનું બી | ગરમાળો | કેસિયા ફિસ્ચ્યુલા | વિંછીના ડંખ ઉપર | તરત જ | જંગલમાં બારેમાસ | વિંછીના ડંખ ઉપર આલરીનું છાંડું ઘસી લગાડવું.અથવા ગરમાળાનું બી ઘસી લગાડવાથી વિંછી ઉતરે છે. | - | મોટા ઝાડ થાવે છે.ગરમાળો મોટું ઝાડ છે. શિંગ મોટી લાંબી આવે છે. સુકાય એટલે કાળી પડી જાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦૮ | ખાંળ ભીંડો | જંગલી ભીંડો | | ગર્મીમાં ઉનવા માં | એક બે દિવસ | જંગલમાં ચોમાસે શિયાળે | તેનું મૂળ લાવી કુટી સાકર સાથે પાણીમાં બોરી રાખવું રાતે બાર વાગે પીવાથી આ દર્દ મટે છે. | - | ભીંડા જેવો છોડ આવે રાતો ડાંડો આવે એક મૂળ આવે છે. |
| ૧૦૯ | ખરજવો | | | રતવામાં | સારુ થતા સુધી માં | દરેક જગ્યાએ બારેમાસ | મૂળ ઘસી માથા ઉપર ચોપડવા | - | વેલ છે. રાતો ડાંડો આવે પાન નાના આવે જમીન સાથે થાય છે. |
| ૧૧૦ | નિરો | નિરો (તાડનો તાજો રસ) | બોરેરસ ફેલેબેલી ફર) | બહેરાશ દૂર કરવા | એક અઠવા ડીયા માં | તાડ ઉપર બારે માસ | નિરો શિશિમાં ભરી ઉકરડામાં ડાટવો લીલો થઈ જાય પછી તે કામમાં બબે ટીપા નાખી એક કલાક સુધી કાનમાં રાખવો. | * | તાડના ઝાડ ઉપર થી તાડો ઉતરે તે તાજાને નિરો કહે અને ખાટો થાય ત્યારે તાડી કહે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧૧ | કાળા પિંછાવાળું બગલું | કાળુ બગલું | | ક્ષય | એકવાર પાવાથી | પ્રાણી સંગ્રહાલયમાં | બગલાને લાવી ઉકાળી તેનો જે રસ નીકળે તે પાવાથી ક્ષય મટે છે. | કેફ્લી માં પણ તે આપી શકાય છે. | પક્ષી છે. કાળા પીંછાવાળુ હોવાથી તે અલગ પડે છે. |
| ૧૧૨ | કડવું ઝમરખું | | | વિંછીના ડંખ ઉપર | તરત જ | જંગલમાં બારેમાસ | તેના પાન કે છોડ મસળીને દર્દીને પાઈ દેવાથી ઝેર ચઢતું નથી. | - | વેલો આવે છે. નાના ફળ લાગે છે. બાગમાં પણ જોવા મળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧૩ | રગત રોહિડો | રગત રોહિડો | રેમનસ વાઈ ટીઆઈ | પેટના દુઃખાવા માં (ગાંઠમાં પણ કામ લાગે) | પાંચ છ દિવસ | ગાઢ જંગલ માં બારે માસ | તેની છાલ લાવી ઉકાળીને પચાસ ગ્રામ જેટલું [illegible] ~~[illegible]~~ પીવું | - | મોટું ઝાડ આવે છે મહુડા જેવા પાન આવે છે. |
| ૧૧૪ | સીતર | | | ઝાડામાં | તરત જ | ચોમાસા માં જંગલમાં | છોડ લાવી સાફ કરી લસોટી પાણી સાથે પાવા | - | જમીન સરખો છોડ થાય છે. પાન નાના આવે છે. |
| ૧૧૫ | કરાવ | | | નાભીનો જગ્યાએ ખૂચે તે દર્દ જેને મુંઠીયું કહેવામાં આવે છે. | બે ત્રણ દિવસ માં | ચોમાસા માં મળે જંગલ માં | કરાવના મૂળ લાવી ઘસી કે વાટીને પચાસ ગ્રામ જેટલો ખાવાથી પેટનું દર્દ શમે છે. | - | છોડ આવે છે. પાન બે માંગલા જેટલા આવે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧૬ | કુટી | કંચનાર | બાહિનિયા વેરિગેટા | શરીરે ફોલ્લા પડે તેમાં | બે ત્રણ વાર લગાડવાથી | કડી પાણી જંગલમાં બારેમાસ | કુટીનું છાંડુ લાવી ઘસીને ચોપડવું | - | કુટી મોટું ઝાડ આવે છે પાન લાંબા આવે છે. |
| ૧૧૭ | કથમીર | લીલા ધાણા | કોરિએન્ડ્રમ સેટાઈવમ્ | આંખ આવે તો | બે દિવસ | દરેક જગ્યાએ બારેમાસ | લીલો છોડ વાટીને આંખ ઉપર પોતું મૂકવાથી આંખ મટે છે. | - | લીલા ધાણા કોથમીરના નામે ઓળખાય છે.શાક ભાજીમાં ગણાતા તરીકે વપરાય છે. |
| ૧૧૮ | ધોળી જુંગ | ચણોઠી | એબ્રસ પ્રિકેટોરિયન | આંખમાં ફૂલ પડે તો | બે ત્રણ દિવસ | જંગલમાં બારેમાસ | તેના પાન લાવી મસળી આંખમાં બે ટીપાં પાડવાથી આંખનું ફૂલ ઉડી જાય છે. | - | વેલ છે. આંબળા જેવા ઝીણા પાન આવે છે. મકાઈના દાણા જેવા ફળ લાગે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧૯ | કુટી | કંચનાર | બોહિનિયા વેરિયેગેટા | કંઠમાળ | અઠવાડીયા દસ દિવસમાં | જંગલમાં બારેમાસ | કુટીના ઝાડનું મૂળ લાવી ઘસીને કંઠમાળ ઉપર ચોપડવાથી ધીરે ધીરે આરામ થાય છે. | - | કુટી મોટું ઝાડ આવે છે. હથેળી જેવા મોટા લાંબા પાન આવે છે. |
| ૧૨૦ | જંગલી વહાણું | | | ક્ષય | પંદર દિવસમાં | ગાઢ જંગલમાં કડી પાણી વિસ્તાર | કંદ છે તે લાવી વાટીને પચાસ ગ્રામ જેટલું સવારે સવારે પીવું | - | હળદર જેવો છોડ થાય છે.જમીનમાં કંદ થાય છે તે દવા તરીકે વપરાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ૧૨૧ | મરચી કાંદો | | | અશક્તિ માં | ત્રણ દિવસ માં | જંગલ માં બારે માસ | કંદલાવી ઘસીને શરીરે માલીસ કરવી અને પાણી સાથે થોડું પીવા થી શરીર શશકત બને છે. | હાડકા દુઃખે કે શ્વાસની તકલીફ માં પણ વપરાય છે. | વેલ આવે છે. પાન ગોળ આવે. પુરો જેટલો ગોળ કાંદો આવે છે. |
| ૧૨૨ | કડવી કારેલી | કારેલી | પામો ડીકા ચારૈ ટિયા | તાવ | એક દિવસ માં | વાડી માં બારે માસ | કારેલીને વેલો સાથે પાન વાટી બાફીને તે પાણી પીવાથી મેલેરિયા તાવ દુર થાય છે. | - | કારેલી વેલો છે. તેના ફળનું શાક થાય છે. વાડો કરિ ઉગાડી શકાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨૩-૧ | વાંદો | વાંદો | લોરેન્થસ લાંગિફો લિયસ | વા | અઠ વાડી યામાં | જંગલમાં ઝાડ ઉપર | કોઇપણ ઝાડ ઉપર નો વાંદો લાવી તેને કુટીને પાણી થી સ્નાન કરવું. | - | વાંદો પરોપ જાવી વનસ્પતિ છે. |
| -૨ | રાયણની છાલ | રાયણ | મિમેસોપ્સ હેકઝેન્ડ્રા | | | | રાયણના છાંડા કુટીને બાંધવા અને સ્નાન કરવા થી વા મટે છે. | | રાયણ મોટુ ઝાડ છે તેના ફળ ખુબ સ્વાદીષ્ટ હોય છે. બન્ને અલગ દવા કરી શકાય છે. |
| ૧૨૪ | હાથ- -દાંતના- -મૂળ | | | ચાંદામાં | બે દિવસ માં | જંગલમાં ચોમાસા માં ઉનાળામાં | તેનો કાંદો લાવી ઘસી ચાંદા ઉપર લગાડવો. | દાઝી ગયેલા ઉપર પણ લગાડી શકાય છે. | છોડ છે. બહુ મોટા બે ત્રણ પાન આવે ચોમાસામાં થાય છે. જમીનમાં કંદ થાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨૫ | કોઠારી | ભમરિયું માટીનું ઘર | | કાનની બેર[illegible] કે પાકી રશી નીકળે તે માટે | એક દિવસ માં | દરેક જગ્યાએ જંગલ, ખેતરમાં | ભમરિયા ઘરની માટી પાણીમાં પલાટી દુઃખતા કાનમાં નાખવાથી આરામ થાય છે. | - | ભમરિ માટીનું ઘર બનાવે તો ઝાડ ઉપર કે દિવાલઉપર પણ તે બનાવે છે. |
| ૧૨૬ | શંખ | શંખ | | .. | એક વાર માં | દરિયા કિનારે મંદિર માં દુકાને | શંખ ઘસી તેનું પાણી કાનમાં રેડવાથી પાકતો કાન મટે છે. | - | શંખ એ દરિયાઈ છીપ છે. મંદિરોમાં તેને વગાડવામાં આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨૭ | ગાંઠીયું | | | પથરી | બે ત્રણ દિવસ પીવાથી | ચોમાસામાં જંગલમાં ખેતરમાં | ગાંઠીયાનો છોડ લાવી વાટીને પાણી સાથે પીવાથી પેશાબ બહુ આવે છે. પથરી ઓગળી જાય છે. | - | ગાંઠીયું છોડ છે. ચોમાસામાં થાય છે. |
| ૧૨૮ | તિનપખૂ | તિયાની | | ઘા ઉપર | બે દિવસમાં | બારે માસ જંગલમાં | તેનો કંદ લાવી ગરમ પાણીમાં ઘસી ઘા ઉપર ચોપડી પાટો બાંધવો. પાટો ચોવિસ કલાક રહેવા દેવો. | - | વેલ છે. ત્રણ પાંખ વાળું પાન આવે બોલી જેવા પાન આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ૧૨૯ | ખાખરા નો ચીક | ખાખરો | બ્યુટિયા ફ્રોંડોઝા બ્યુટિયા મોનોસ્પર્મા | સ્ત્રીને માસિક સમયે દુઃખાવો થાય તેમાં | બે ત્રણ દિવસ | જંગલમાં વૈધને ત્યાં | ખાખરાનો ચીક ત્રીસ ગ્રામ જેટલો વાટીને પાણી સાથે પીવું. | - | ખાખરો મોટું ઝાડ આવે છે. પાન મોટા આવે છે તેના પાન માંથી [illegible] બાજ, પડીયા બને છે. |
| ૧૩૦ | હિંગ | હિંગ | અકેશિયા ફારનેશિયાના | માથાના દુઃખાવામાં | એક દિવસમાં | દુકાને | હીંગ વાટીને કપાળે ચોપડવાથી માથુ દુઃખતું મટે છે. | - | હીંગ જે મસાલા તરીકે વપરાય છે. |
| ૧૩૧ | લીંબુનો રસ મીઠું | લીંબુડી સબરસ | સાઈટ્રસ એસિડ | ખરજવા દાદર ઉપર | બે ત્રણ દિવસમાં | દરેક જગ્યાએ બારે માસ | ખુજલી આવે ત્યારે લીંબુનો રસ અને મીઠું ઘસવાથી મટે છે. | - | લીંબુ દરેક જગ્યાએ થાય છે. લીંબોડીની વાડી કરી શકાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| [illegible] | બોરનો કાંટો | બોરડી | ઝીઝીફસ જાજુબ | દાદર | એક વાર | જંગલમાં બારેમાસ | બોરના કાંટાથી રવિવારના દિવસે દાદરને આંકી દેવાથી દાદર મટે છે. | - | બોરડીનો કાંટો લઈ દાદરની માજુ બાજુ ગોળ રાઉન્ડ કરવાથી મટે છે તેવી માન્યતા છે. |
| ૧૩૨ | બપોરિયો ચણો | બપોરિયો | પેન્ટેપિટદ્સ ફીનિસ્યા | અપચામાં ભૂખપણ વધુ લાગે છે. | એકજ વાર પીવાથી | ચોમાસામાં જંગલમાં | મૂળ લાવી. ઘસી કે કુટીને પાણી સાથે પીવું. | - | એક ફુટ ઉંચો છોડ આવે છે. મરચી જેવા પાન આવે છે. સફેદ ફુલ આવે જંગલમાં મળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩૩ | જંગલી ચોખો | | | ભૂખ ન લાગે તે માટે | જેટલા દિવસ ભૂખ્યા રહેવું હોય તેટલા દિવસ રહી શકાય | જંગલમાં ચોમાસા પછી | છોડના દાણા લાવી દધ સાથે સો ગ્રામ જેટલા પીવાથી ચોકકસ દિવસ સુધી ભૂખ લાગતી નથી. | - | ડાંગર જેવો છોડ આવે છે. ચોમાસામાં થાય છે. તે પીવાથી ખાવાની ઇચ્છા જ થતી નથી. |
| ૧૩૪ | આંબાનો ચીક | આંબાનો ગુંદર (આંબો) | મેંગીફેરા ઇન્ડિકા | દાઢ ઉખેડી નાખવી હોયતો | એકજ વાર ભરવાથી | દરેક જગ્યાએ બારે માસ | દાઢ પોલી હોય દુઃખતી હોય તે જગ્યાએ આંબાનો ચીક મૂકવાથી દાઢ ઉખડી જાય છે. | - | આંબો મોટું ઝાડ આવે છે. દરેક જગ્યાએ થાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩૫ | આંબાના ફળનો ચીક | કેરિનો ચીક | મૅંગીફેરા | પગની કણી દૂર કરવા માટે | એકજ વાર લગાડવાથી | ઉનાળા માં કેરીની ઋતુમાં | પગની કણીમાં કેરીનો ચીક લગાડવાથી પગની કણી દૂર થાય છે. | - | આંબો દરેક જગ્યાએ થતું ઝાડ છે. કેરી એ ઉત્તમ ફળ ગણાય છે. કાચી કેરી તોડતાં અંદરનો રસ નીકળે તેને ચીક પણ કહેવામાં આવે છે. તેનો ઉપયોગ કરવો. |
| ૧૩૬ | દુધલી | ભમરડીનો વેલો | પોરાના મલબારિકા | સફેદ કોઢ માટે | ચામડી સારી થાય ત્યાં સુધી | ચોમાસા માં ખેતરો માં જંગલ માં | તે વેલને તોડતાં સફેદ રસ નીકળે તે રસની માલિસ કરવાથી સફેદ કોઢ દૂર થાય છે. | - | વેલ થાય છે. ગુમળો જેવા ગોળ ફૂલ આવે છે. ગામડામાં બાગરિઆણ કહે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩૭ | સફેદ દરોસી | | | શીતળા પેટમાં હોયતો બહાર કાઢવા | એક વાર પાવાથી | જંગલમાં | છોડ લાવી લસોટી બારેમાસ પચાસ ગ્રામ જેટલું ગ્રવાહી પાવું | - | સફેદ દરોસો વેલ છે. બારેમાસ મળે છે. |
| | ટીમરવા નો ચિક | ટીમરવાનો ગુંદર | ડાયો સ્પાઇ રોગ | શિતળા નો રોગ સમયે ચિતભ્રમ થઇ જાયતો | | ટીમરવાના ચિકનો ધૂપ કરવામાં આવે છે. માંખી મારી પાઇ દેવાથી ચિતભ્રમના કારણે લવરી કરતા હોય તો અટકી જાય છે. | | | ટીમરવો મોટું ઝાડ છે. |
| ૧૩૮ | નાગમૂખીં | | | હડકવા માં | એક વાર પીવડાવવાથી | જંગલમાં | નાગમૂખીનો વેલ લાવી લસોટી પાંણી સાથે પાવામાં આવે છે. | - | વેલ આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ૧૩૯ | કાકડ | કાંકડ | ગેરુઆ પિ-ન્ટા | આંખની અંદરનો મસો દુર કરવા | બેચાર દિવસ માં | જંગલ માં બારેમાસ | કાકડના છાંડાં ઘસીને આંખમાં થોડું ઉતરે તે રીતે આંખ ઉપર લેપ કરવાથી મસો ઓગળી જાય છે. | - | કાકડ કાંટાવાળું મોટું ઝાડ થાય છે. |
| ૧૪૦-૧ | જંગલી ટીટોડું | | | પેટના દુઃખાવા માં | બે ત્રણ દિવસ માં | કડી ઘાણી જંગલ માં બારે માસ | ટીટોડુંની છાલ કુટી ને પેટ ઉપર બાંધવાથી દુઃખાવો મટે છે. | - | બન્ને ગાછા ઝાડ છે. બન્ને અલગ અલગ દવા તરીકે વાપરી શકાય છે. |
| ૨ | નગરીની પાન | | | | | | નગરીના પાન વાટી ને પેટ ઉપર બાંધવા થી પણ દુઃખાવો અટકે છે. | | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૪૧ | ગરવેલ | | | પીળી યામાં | બે દિવસ | ચોમાસા માં જંગલ માં | વેલો લાવી પાણીમાં ઉકાળી સ્નાન કરવાથી પીળીયો દૂર થાય છે. | - | વેલ આવે છે.નાગર વેલના પાન જેવા પાન આવે છે. જંગલમાંજ થાય છે. |
| ૧૪૨ | કુટીનું મૂળ | | | કે્ન્સર માં | સારુ થાય ત્યાં સુધી | જંગલ માં બારે માસ | કુટીનું મૂળ ઘસી કે્ન્સરની ગાંઠ ઉપર ચોપડવું | ખાંસી અને દમ પણ મટે. | |
| ૧૪૩ | ઓળી કાંદો | | | અંડકોષ વૃધ્ધિ માં | બે ચાર દિવસ માં | જંગલ માં બારે માસ | જમીનમાં કંદ થાય છે તે લાવી ઘસી ને પીવાથી આરામ થાય છે એક ગાંઠ પીવી | - | વેલ આવે છે.નાગર વેલ જેવા પાન આવે છે.લાંબ મા કરવી કંદ થાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૪૪ સફેદ ઉંદર | ધોળો ઉંદર | | વાઈ (ફેફરુ) | એક વાર દવા કરવાથી | વગડામાં જંગલમાં સંગ્રા હલયમાં | સફેદ ઉંદર માટી તેનું કાળજુ ભસ્મ કરી તે રાખની ફાકી કરવાથી વાઈનું દર્દ મટે છે. | - | સફેદ ઉંદર જંગલમાં વગડામાં જાળામાં રહે છે. |
| ૧૪૫ | ધવેલી | | | શરીર ફીકું પડે તો | અઠવાડીયું | જંગલમાં બારે માસ | ધવેલનાં છેડાં ઉકાળી નાહવું અને થોડું પીવું. | - | - |
| ૧૪૬-૧ | મહુડાનો દારુ | મહુડા નો દારૂ | બેસિયા લેટીફોલિયા | સુવારોગ | એક બે વાર પીવાથી | આદિવાસી વિસ્તારમાં દારૂ મળે જંગલમાં રગત રોહીડો મળે | રગત રોહીડાની છાલ ઉકાળી તે પાણીમાં મહુડાનો ચોખ્ખો દારુ મીક્ષ કરી સ્ત્રીને પાવાથી સુવારોગ મટે છે. | - | રગત રોહીડો મોટુ ઝાડ આવે છે. દારુ મહુડાના ફૂલમાંથી બનાવવામાં આવે છે. |
| -૨ | રગતરોહીડો | રગત રોહીડો | રેમલ્સ લાઈટસ્આઈ | | | | | | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ૧૪૭ | ભેદી | | | સ્ત્રીના સ્તનમાં દૂધ ન આવે તો | સાત દિવસ માં | આદિવાસી વિસ્તારમાં બારે માસ | ભેદીની કોદરી બાફી ને ગોળ સાથે સાત દિવસ ખાવાથી કુષ્કર દૂધ આવે છે. | - | ભેદી બંટી જેવો અનાજનો છોડ છે. હલકા પ્રકારનું ધાન્ય છે. તેને લોરિયા આવે છે. |
| ૧૪૮ | અળસિયું | અળસિયું | | .. | એક વાર | ચોમાસામાં જંગલમાં | અળસિયાને બાળી તેની રાખ ખોરાક સાથે સ્ત્રીને આપી દેવાથી સ્તનમાં દૂધ આવે છે. | - | અળસિયા ચોમાસામાં ખેતરમાં [illegible] જમીનમાં થાય છે. જમીન [illegible] છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૪૯ | સાસલિયાનો ચારો | | | નામર્દ હોય તો | બે ચાર દિવસ | જંગલમાં બારે માસ | તેના મૂળ લાવી સાફ કરી કુટીને સવારે સવારે પીવાથી પુરુષમાં કામ શક્તિ જાગે છે. | - | સસલાનો ચારો એ છોડ છે. કાંટા વાળો વેલ જેવો આવે છે. પાન ફૂલ પાતરા રેસા જેવા હોય છે. |
| ૧૫૦ | ગાંઠીયું | | | પેશાબમાં ધાતુ સ્ત્રાવ થતો હોયતો | ત્રણ દિવસ | ચોમાસામાં જંગલમાં | છોડ લાવી કુટીને પાણી સાથે બેત્રણ દિવસ પીવાથી આ દર્દ મટે છે. | - | છોડ આવે છે. નાના બો ગાવો ચોમાસામાં થાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫૧ | ગધેડાનું દાદરુ | ગધેડાની લાદ | | મચકોડમાં | બે દિવસમાં | કુંભાર વાડામાં બારે માસ | ગધેડાની લાદ લાવી ગરમ કરી અંદર મીઠું નાખી મચ કોડવાળી જગ્યાએ પાટો બાંધવો. | - | ગધેડાની હગારને લાદ કહેવામાં આવે છે. |
| ૧૫૨ | બાબરું | બાવચી | સોરેલિયા કોરિલિ ફોલિયા | ચાંદુ રુજાતું ન હોય તો | એક બેવાર લગાડવાથી | જંગલમાં બારે માસ | તેના બી લાવી થુંકવડે પલારી ચાંદા ઉપર મૂકવાથી ચાંદુ રુજાઈ જાય છે. | - | તુલસી જેવો છોડ આવે છે. બી કાળા આવે છે. |
| ૧૫૩ | રાંયણ | રાંયણ | મિમેસોપ્સ હેકઝેન્ડ્રા | શરીર ફુલાઈ જાય ફોફ્રાઈ જાય | બે દિવસમાં | દરેક જગ્યાએ બારે માસ | તેની છાલ લાવી પાણીમાં ઉકાળી તે પાણીથી સ્નાન કરવું | - | રાંયણ મોટું ઝાડ આવે. લગભગ દરેક જગ્યાએ થાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫૪ | તાડનાં મૂળ | તાડ | બોરેસસ ફ્લેબેલી ફર | મરઘાના રોગમાં | એક વાર પાવાથી | જંગલમાં વાડીમાં બારે માસ | તાડનું મૂળ લાવી છુંદી ને તેમાં પાણી નાખી મરઘાંને પાવાથી મરઘામાં રોગ થયો હોય તો અટકે છે. | - | તાડ મોટું ઝાડ આવે તેમાંથી તાડી મળે છે. જંગલ વિસ્તારમાં ઘણા તાડ થાય છે. |
| ૧૫૫ | નાગફેણ | નાગફણી | | ઝેરિજાનવરના ઝેરમાં | એક વાર પાવાથી | જંગલમાં બારે માસ | તેના પાન પીવાથી ઝેર ઉતરી જાય છે. તેના દૂધથી ઝેરી જાનવર બહાર નીકળી જાય છે. | - | નાગફેણ વેલ છે. ચાર આંગળ લાંબા પાન આવે છે. આ વેલની નજીક કોઈ ઝેરી જાનવર રહી શકતું નથી. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫૬ | નાયટુ | | | મેલેરિયાના તાવમાં | બે ત્રણ વાર પાવાથી | જંગલમાં બારે માસ | નાયટુ નામનું ઘાસ આવે છે.તેની ગોળી કરીને ખવડાવે અથવા રસ કાઢીને પણ પી શકાય છે. | - | છોડ છે.પાન લાંબા આવે છે.નાનો છોડ થાય છે. સ્વાદે બહુ કડવાં હોય છે. |
| ૧૫૭ | જમીન તાડ | | | કાન પાકે તો હોય કે ઓછું સંભળાતું હોય તો | પાંચ દિવસમાં | કડી પાણી જંગલ બારે માસ | તેના મૂળ લાવી ઘસીને પાંચ દિવસ સવાર સાંજ કાનમાં નાખવું | - | અઢી ત્રણ ઈંચ ઊંચો છોડ આવે છે તેના પાન તાડના જેવા જ હોય છે.પાન નાના હોય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ૧૫૮ | બાવળની છાલ | બાવળની છાલ | એકેશિયા અરેબિકા | ગળુ બેસી ગયું હોયતો કાકડા વધે તેમાં | બે દિવસ માં | દરેક જગ્યાએ બારે માસ | બાવળના છાંડાનો ઉપર નો ભાગ કાઢી કુટીને એક રાત પાણીમાં બોલી રાખવું.સાધા રણ મીઠું નાખી સવારે પીવાથી ગળુ સાફ થઈ જાય છે. | - | બાવળ મોટું ઝાડ છે. કાંટા આવે છે. દેશી બાવળનો XKX છાલ વાપરવી. |
| ૧૫૯ | રસોડા નો ધુવો | ધુણીની રાખ | | ગળાની ગાંઠ માં | ત્રણ દિવસ માં | રસોડા ના ઉપરના ભાગ માં | રસોડાની ધુણીનો જામેલો ભાગ તપેલીમાં લઈ તેને ગરમ કરવો.અંદર હળદર મીઠું નાંખવું અને ગાંઠ ઉપર લેપ કરવો. | - | લાકડા બાળી રસોઈ થતો હોય તે ઘરમાં ધુણાનો રાખ જામો જાય છે તેનો ઉપયોગ કરવો. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬૦ | રાંસતેલ | ઘાસનું તેલ | સિમ્બોપોગોન જોન સ્કિનેસ | કડતર કે મુંઠમાર માં | અઠવા ડીયા | કોન્ટ્રાક્ટર પાસે | એક પ્રકારના ઘાસમાં થી તેલ બનાવવામાં આવે છે. તેને રાંસ તેલ કહે છે તેની માલીસ કરવી. | - | છોટાઉદેપુર વિસ્તાર માં આ તેલ બનાવવા નો પરવાનો આપવામાં આવે છે. ઘાસનું તેલ |
| ૧૬૧ (૧) | સફેદ કરાવ | કાંકડ (કરપટા) | ગેરુઆ પિન્વેટા | છાતીમાં બળતરા થતી હોય એસી ડી.ટી. પેશાબમાં ગર્મી થતી હોય | નવ દિવસ સુધી માં | જંગલ માં બારે માસ વરિયાળી, સાકર દુકાને મળે | સફેદ અને મોટી કરાવના- મૂળ લાવવા, વળીયાળી અને સાકર મીક્ષા કરી તેને ઝીણા વાટી સવાર સાંજ નવ દિવસ ફાકી મારવી | | કરાવ બન્ને પાસ છે. લીલા પાંદડાનું આવે છે. |
| (૨) | મોટી કરાવ | .. | .. | | | | | | |
| (૩) | વલિયારી | વરિયાળી | ફિનીક્યુલમ્ વલ્ગેર | | | | | | |
| (૪) | પીળી સાકર | પીળી સાકર | | | | | | | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬૨ | | | | | | | | | |
| (૧) | રાયણ | રાયણ | મિમેસોપ્સ હેક્ઝેન્ડ્રા | પેટમાં દુઃખે ગાંટા જેવું થતું હોય તેમાં | ચૌદ દિવસ, સવાર સાંજ લેવું | જંગલ માં બારે માસ | રાયણું અને રગતરોહીડાનાં છાંડા, બપોરિયા ચણાની મળ ફટકડી અને કાથો મીક્ષ કરી ઝીણો પાવડર બનાવી તેની ફાકી મારવાથી કાયમી દુઃખાવો દૂર થાય છે. | - | રાયણું મોટું ઝાડ છે. રગત રોહીડો ઝાડ છે. બપોરિયો ચણો છોડ છે. બારે માસ મળે છે. |
| (૨) | બપોરિયો ચણો | બપોરિયો | પેન્ટેપિટસ ફીનિશ્યા | | | | | | |
| (૩) | રગત રોહીડો | રગત રોહીડો | રેમનસ વાઇટી આઇ | | | | | | |
| (૪) | ફટકડી નો થોડોભાગ | ફટકડી | | | | | | | |
| (૫) | કાથો | ખેર | એકસિઆ કેટેચ્યુ | | | | | | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬૩ | પીપળાના પાન | પીપળાના પાન | ફાઈક્સરિલિજિયોઝા | નાના બાળકોના રતવામાં | સાત દિવસ માં | દરેક જગ્યાએ બારે માસ | પીપળાના સાત પાન લઈ તેની ડાળ લઈ દરેક પાન ઉપર રતવો એમ લખી દર્દી ઉપર સો વાર વાળી ઉપર ટીંગાડવાથી રતવો મટે છે. | - | પીળો મોટું ઝાડ આવે છે. પૂજા થાય છે. દરેક જગ્યાએ થાય છે. |
| ૧૬૪ | ભૂતાકાના પાન | ભૂતાક શીશી | ઈલીઓડે -ડ્રોન ગ્લોકમ | માથાના દુઃખાવામાં | સાત દિવસ માં | જંગલ માં બારે માસ | પાન ગરમ કરી માથા ઉપર સાત પાટા બાંધવાથી કાયમી માથુ દુઃખતું હોય તો પણ આરામ થાય છે. | - | ભૂતાકા મોટું ઝાડ છે. મોટા લંબગોળ પાન આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬૫-૧ | કમળા સોટી | | | કમળો | સાત દિવસ માં | જંગલ માં બારે માસ | કમળા સોટીના સાત ટૂકડા કરી દોરાથી બાંધી ગળામાં બાંધવા | - | કમળા સોટી વેલ આવે છે. તેનો ડાળ પાતલી આવે છે. પીપળા જેવાજ પાન આવે છે. |
| ૨ | રગતરોહીડો | રગત રોહીડો | રેમનસ વાઇટી આઇ | | | | -રગતરોહીડાના છાંડા ઉકાળી તે પાણીથી નાહવું<br>-સાત દિવસ સુધી ચોળા(કઠોર)બાકી ને મીઠું નાખી ખાવું | | -રગત રોહીડો મોટું ઝાડ છે. |
| ૧૬૬ | જેઠી મધના મૂળ | જેઠી મધ | ગ્લિસિરિઝા ગ્લેબ્રા | કાયમી ખાંસી | બે ત્રણ દિવસ માં | જંગલ માં બારે માસ | તેના મૂળ લાવી મોં શક્તિ માં ચાવવાથી કાયમી ખાંસી મટે છે. | માટે [illegible] લખવાનુ રહ્યુ છે. | વેલ આવે છે. પાન ગાળ લાંબા આવે ઉનાળામાં જોયેલ હોય તો જ ગળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ૧૬૭ | ગરમાળો | ગરમાળો | કેસિયા ફિસ્ચ્યુલા | થતો ક્ષાય હોય તો | ૨૦ વાડીક | દરેક જગ્યાએ | ગરમાળાની સીંગો લાવી કુટીને પાણી સાથે ખાવી | - | ગરમાળો મોટું ઝાડ આવે લાંબી સીંગો આવે છે. પીળા ઝુમખામાં ફુલ આવે છે. |
| ૧૬૮ | લીમડાના પાન | લીમડો | એઝાડિરેક્ટા ઇન્ડિકા | પાક ચાંદા રસીમાં | બે ત્રણ દિવસ | દરેક જગ્યાએ બારે માસ | લીંમડાના પાનની વરાળથી સાફ કરી તે પાનનો પાટો બાંધવાથી રુઝ આવે છે. | - | લીમડો મોટું ઝાડ આવે. દરેક જગ્યાએ થાય છે. ગામા વૃક્ષ તરીકે ઉપયોગી છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬૯ | | | | | | | | | |
| (૧) | જંગલી કકડીયો | . | ૦ | ઘા | એક બે દિવસ માં આરામ થાય છે. | ચોમાસા માં જંગલ માં | જંગલી કકડીયોના પાન. મસળી ઘા ઉપર ચોપડવા | – | જંગલી કકડોયાં છોડ છે. ચોમાસામાં થાય છે. |
| (૨) | ગાંઠીયું | | | | | | –ગાંઠીયાનો છોડ પણ કૂટીને ઘા ઉપર બાંધી શકાય છે. | | –ગાંઠીયું પણ છોડ છે. ચોમાસામાં થાય છે. ઘાસ છે. |
| (૩) | ઉકાળેલા ચાની ભૂકી | ચાની ભૂકી | | | | | –ઉકાળેલી ચા કપડામાં લઈ પાટો બાંધવાથી ઘા રૂઝાઈ જાય છે. | | –ચાની ભૂકો બાસામ માં થાય છે. દરેક જગ્યાએ મળે છે. |
| (૪) | તાડનાં પાંદડા ની કૂંદી | તાડના પાંદડા ની કૂંદી | બોરેસસ ફ્લેબેલીફર (લીન) | | | | –તાડના પાંદડા માં પીળાશ પડતી કૂંદી આવે છે તે બાંધવાથી આરામ થાય છે. | | – તાડ મોટું વૃક્ષ છે તેના પાન ઉપર કૂદી આવે છે તે |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૭૦ | અડધો વાંજીયો અને અડધો ફળનો તાડ | તાડ | બોરેસસ કે લેબે લીફર | અડધુ શરીર સુકાઈ જાય તેમાં | એક માસ સુધી | વાડી માં. જંગલ માં | તાડના મૂળ લાવી ઘસી તેની માલીસ કરવી અને ૫૦ ગ્રામ જેટલું પીવાથી શરીર સુકાતું અટકે છે. | - | અડધો ફળનો અને અડધો વાંજીયો એવો તાડ આવે છે તેના મૂળનો ઉપયોગ કરવો. |
| ૧૭૧ | કાંગણ હેલ | | | શરીર માં ગાંઠો થઈ જાય તેમાં | વીસ દિવસ માલીશ કરવા થી | જંગલ માં બી મળે દિવાળી સમયે | તેના બી લાવી તેનું તેલ કઢાવી તે તેલની માલિશ કરવાથી ગાંઠો છુટી પડી જાય છે. | - | કાંગણ હેલ મોટું ઝાડ આવે છે. જુન માસમાં ફળ આવે છે. ચણા જેવડા ફળ હોય છે. તેનું તેલ કાઢી ઉપયોગ માં લેવાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૭૨(ક) | મરઘાનો ઝારો | મરઘો | | વિંછીના ડંખ ઉપર | મરઘાનો ઝારો ત્રણ વાર પાવો | દરેક જગ્યાએ કાર્ય કરે | મરઘાનો ઝારો પાણી સાથે પાવો. અથવા કોળાનું ડીટું ઘસી ડંખ ઉપર મૂકવાથી આરામ થાય છે. | - | મરઘો પાળતું પક્ષી છે. |
| (ખ) | કોળાનું ડીટું | કોળું | બેનિનકાસા સેરિફેરા | | | | | | કોળું વેલ છે. શાક ભાજીમાં વપરાય છે. |
| ૧૭૩ | હાંધા હાંકળું | હાડ સાંકળ | વિટિસ કવાડ્રેન્ગ્યુલેરીસ | માણસ કે ઢોરનું હાડકું ભાગે તેમાં | બે ત્રણ પાટા માં | જંગલ માં બારે માસ | વેલો લાવી લસોટી હાડકું બેસાડી કાબડીઓનો પાટો બાંધી બાંધવાથી હાડકું સંધાય છે. | - | વેલ આવે છે. |
| ૧૭૪ | સાગનું પાણી | સાગ | ટિક્ટોના ગ્રેન્ડિસ | મોતિયામાં | વીસ દિવસ સુધીમાં | જંગલ માં બારે માસ | સાગના થડમાંથી અથવા ડાળમાંથી જે પાણી નિકળે તે પાણી આંખમાં નાખવું. | - | સાગ ઇમારતી લાકડું છે. મોટું ઝાડ થાય છે. ડાળ કાપી એક બાજુ ફૂંક મારવાથી પાણી નિકળે છે. |

| १ | २ | ३ | ४ | ૫ | ૬ | ७ | ८ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૭૫ | બકરાનું કારજું | બકરો | | રતાંધળાપણામાં | સાત રવિવાર સુધી | ખાટકીને ત્યાં | બકરાનું કાળજુ લાવી સાત ટુકડા કરી સાત રવિવાર સુધી શેકીને ખાવું સાથે રવિવાર સુધી બીજાના ઘરનું અનાજ માગીને ખાવું | - | બકરુ પ્રાણી છે. તેનું માંસ ગાંમા હારી લોકો ખાય છે. |
| ૧૭૬ | વાઘણનું દૂધ | વાઘણ | | આંખમાં ફૂલ પડે તેમાં | એક બે વાર નાખવાથી | સંગ્રાહાલયમાં જંગલમાં | વાઘણીનું દૂધ મળે તો તે લાવી આંખમાં આંજવાથી ફૂલ દુર થાય છે. | - | વાઘણનું દૂધ તેની કાગમા જગ્યાએ ક્યારેક થોજેલી બાબતમાં મળે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૭૭ | ચંદનનું લાકડું | ચંદન (સુખડ) | સેંટેલમ આલબમ્ | અડધું માથું દુઃખતું હોય તો | એક બે દિવસ | અમુક જ જંગલમાં દુકાને | ચંદનનું લાકડું ઘસી કપાળે ચોપડવાથી અડધુ માથુ દુઃખતું અટકે છે. | - | ચંદન મોટું ઝાડ આવે છે. ગાઢ જંગલમાં જ થાય છે. સુંગંધી દ્રવ્ય તરીકે વપરાય છે. |
| ૧૭૮ | મુવાવ | | | મોં આવે (મોંઢામાં ચાંદા પડે તેમાં ) | બે ત્રણ દિવસમાં | જંગલમાં બારે માસ રેતાળ જમીનમાં પણ થાય છે. | મૂળ લાવી ઘસી કે કુટીને પાવાથી આરામ થાય છે. | - | મુવાય છોડ છે. જીણા માંબલા જેવા પાન આવે છે. મુવાવની બીજી જાત છે તેના પાન લાંબા વાળા આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૭૯ | પીછાટી | | | માથા ઉપર ગુમડા થાય તે માટે | બે ત્રણ દિવસ માં | જંગલ માં બારે માસ | મૂળ લાવી ઘસીને ચોપડેથી માથાના ગુમડા મટે છે. | - | મોટું ઝાડ થાય બે આંગળ જેવા પાન આવે. |
| ૧૮૦-૧ | ઉકાળી | ઉટકટારી | એકીનોપ્સ એકીનેટસ | ઝાડા ઉલટી માં | એક દિવસ માં | જંગલમાં | મૂળ લાવી ચોમાસા ઘસી પચાસ ગ્રામ માં રાખી જેટલું પ્રવાહી મૂકી પાવાથી ઝાડા શકાય છે.ઉલટી મટે છે. | - | ઉકાળી છોડ છે. કોતરોમાં રહે છે. |
| ૨ | ભોંય તણસલી | | | | | | | | તણસલી વેલ છે. પાન નાના આવે તેના ફળ પાપડા જેવા આવે છે. |
| ૧૮૧ | ખાટબાકો | | | મરડામાં | એક બે દિવસ માં | જંગલ માં બારે માસ | તેની છાલ લાવી કુટી એક રાત પાણીમાં બોળી રાખવું સવારે પીવાથી મરડો મટે છે. | [illegible] | મોટું ઝાડ થાવે આસિતારિ પાન જેવા પાન આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૮૨ | રગત રોહીડો | રગત રોહીડો | રેમનસવાઇ ટીઆઇ | પીળા પેશાબમાં પેટમાં દુઃખે તેમાં | બે ત્રણ દિવસ માં | જંગલ માં બારે માસ | તેની છાલ લાવી પાવી અને તેના પાણી થી નવડાવાથી આરામ થાય છે. | - | રગત રોહીડો મોટું ઝાડ થાય જંગલમાં બારેમાસ મળે છે. |
| ૧૮૩ | ઢેઢ ઉમ્બરો | કાળો ઉમરડો | ફાઇકસ હિસ્પિડા | ચાંદુ પડતું હોય તેમાં | એક બે દિવસ માં | જંગલ માં બારે માસ | મૂળ લાવી ચોપડવા થી પડતું ચાંદુ મટકે છે. | - | નાનું ઝાડ થાય છે. પાન મોટા આવે. |
| ૧૮૪ | સૂર્ય મૂખીના (સૂર્યમુખી) બી | સૂર્યફૂલ | હેલીએંથસ એન્યુઅસ | આંખમાં ફૂલ પડે સારી થાય તેમાં | બે ત્રણવાર નાખવાથી | વાડી, ખેતરમાં બારે માસ | બીને વાટીને તેનું પાણી બે ટીપાં આંખમાં નાખવાથી આંખની છારી દૂર થાય છે. ફૂલ પણ મટે છે. | - | છોડ આવે છે. ખેતી થાય છે તેના બી માંથી તેલ ના[illegible] છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૮૫ | સીતાવો | | | ખવા | બે ત્રણ દિવસ માં | જંગલ માં બારે માસ | તેના મૂળ લાવી વાટી કે ઘસી તેની માલીશ કરવી. | - | કાંડા વાળો છોડ આવે છે. ઝીણા પાન આવે છે. |
| ૧૮૬ | મરચાં કાંદા | | | હાડકાના દુઃખાવા માં (પાંસળી દુઃખે તેમાં) | અઠવા ડીયા માં | જંગલ માં ચોમાસે શિયાળે | કાંદો ઘસી ચોપડવાથી દુઃખાવો દૂર થાય છે. | - | ઝાડ છે જંગલમાં થાય છે. |
| ૧૮૭ | હેવી કરાવ | | | ક્ષય (ટી.બી) | બે ત્રણ દિવસ માં | જંગલ માં ચોમાસા માં | મૂળ લાવી કુટીને એકરાત પાણીમાં પલાળી રાખવા સવારે સવારે બે ત્રણ દિવસ પીવું. | - | નાનો છોડ આવે છે. લાંબા મોટા પાન આવે બે પાન આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૮૮ | ભોંય રીંગણી | ભોંરીગણી | સોલેનમ ઝેંથોકાર્યસ | દમ | બે ત્રણ દિવસ માં | કોતર, ખેતર માં બારે માસ | મૂળ લાવી લસોટી પાવાથી દમ, ખાંસી મટે છે. | - | કાંટાવાળો છોડ આવે છે. નાના ગોળ ફળ લાગે છે. |
| ૧૮૯ (૧) | વડવાઈ | વડ | ફાઈકસ બેંગાલેન્સિસ | દાઢ દુઃખે તેમાં | એક બે વાર માં | દરેક જગ્યા એ બારે માસ | વડની વડવાઈનું દાતણ કરવું.ભોંય રિંગણીનું બી વાટીને દાઢમાં મૂકવાથી આરામ થઈ જાય છે. | - | વડમોટું[illegible] છે. સર્વત્ર થાય છે. |
| (૨) | ભોંય રીંગણી | ભોંરીગણી | સોલેનમ ઝેંથોકાર્યસ | | | | | | ભોંયરિંગણી છોડ છે. કાંટા આવે છે. |
| ૧૯૦ | નિવાવેલો | નાગફણી | | નખના ઝેર માં | એક વાર પાવા થી | જંગલ માં બારે માસ | મળ લાવી કુટી કે ઘસીને પાવા થી સાપનું ઝેર ઉતરે છે. | - | નિવાવેલો વેલ છે. જીણા લાંબા પાન આવે છે..બારેમાસ મલે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ૧૯૧ | દાદર વેલો | | | દાદર | બે ત્રણ દિવસ માં | કોતર માં બારે માસ | દાદરવાળી જગ્યાએ સાગનું પાન ઘસી તેના ઉપર દાદર વેલનો ચીક લગાડવાથી ચીક લગાડવાથી દાદર મટે છે. | - | વેલ છે. પાન જો[illegible] આવે છે. [illegible] જગ્યાએ વધારે થાય છે. |
| ૧૯૨ (૧) | તુવેર | તુવેર | કેજેનસ ઈન્ડિકસ | ખસ | ચાર પાંચ દિવસ | દરેક જગ્યા એ બારે માસ | તુવરને શેકી રાખ કરી જેમાં બકરીનું દુધ નાખી મલમ બનાવી ખસ વાળી જગ્યાએ ચોપડવું | - | તુવરનો છોડ દરેક જગ્યાએ થાય છે. કઠોળ તરીકે તુવર ગુણ[illegible]. |
| (૨) | બકરીનું દૂધ | બકરીનું દૂધ | | | | | | | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૩ | રાફડાનો વેલ | રાફડાની અંદર થતો વેલો | | પાક થતો હોય રસી નીકળતી હોય | ચાર પાંચ દિવસમાં | જંગલમાં રાફડાની જગ્યાએ | વેલો લાવી લસોટી ચાંદુ કે રસી ઉપર ચોપડવાથી મટે છે. | – | રાફડામાં વેલો થાય છે. દોરા જેવો ક[illegible] વેલો થાય છે. [illegible] જીણા તુબડા આકારમાં આવે છે. દરેક રાફડામાં આ વેલો થતો નથી. |
| ૧૯૪ | બકા લીમડી | બકામ લીમડી | મેલિયા એગેડેરક | આદાશીમાં (અડધુ માથું દુઃખે તેમાં) | બે ત્રણ દિવસમાં | દરેક જગ્યાએ બારે માસ | તેનું ફળ મળે તો ફળ લાવી જીણા લસોટી કપાળે ચોપડવા ન મળે તો તેના પાન પણ લાવી લસોટી ચોપડી શકાય છે. | – | મોટુ ઝાડ આવે. લીમડા જેવા પાન આવે. લીંબોડી મોટી આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૫ | આલેરી | | | આદાશીમાં (અડધુ માથુ દુઃખે તેમાં) | બે ત્રણ દિવસ માં | જંગલ માં | આલેરીના પાન લસોટી બાંધવાથી માથુ ઉતરે છે. | - | આલેરી મોટું ઝાડ આવે છે.બારે માસ જંગલમાં મળે છે. |
| ૧૯૬ | ગરમાળો | ગરમાળો | કેસિયા ફિસ્ચ્યુલા | કાનમાં પાક થાય કે ઓછું સંભરાય તે માટે | બે ત્રણ દિવસ માં | દરેક જગ્યાએ સિઝન માં | ગરમાળાની સિંગો બી લાવી કુટીને પાણીમાં બોળી રાખવા તે પાણીના બે ટીપાં પાડવાથી સારું થાય છે. | - | ગરમાળો મોટું ઝાડ આવે.[illegible] દરેક જગ્યાએ થાય છે.પાન લાંબા ચપટા આવે ફૂલ પીળા ઝુમખા માં આવે સિંગો હાથ જેટલી લાંબી આવે છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૭ | મંદરુ | | | નાના બાળકોને મોં માં ફોલ્લા પડે | બે ચાર વાર પાવું | જંગલ માં બારે માસ | વેલા જેવો છોડ આવે તેના મૂળ લાવી જીણું લસોટી દસ ગ્રામ જેટલું પ્રવાહી પાવું | - | વેલા જેવો છોડ આવે છે.જમીન સાથે પથરાઈ જાય છે. |
| ૧૯૮-૧ | વાંસનો ગાંગળો | વાંસ | લેચુઝા એર-ડીને સિયા | બાળકને ટોક લાગે તેમાં ઉલટી થાય તેમાં | એક બે વાર પાવા થી | દરેક જગ્યા એ બારે માસ | વાંસની અંદરની ગાંઠ ઘસીને થોડી થોડી પાવી અથવા બોરડીની ડાળે લાલ ગાંઠ થાય છે તે ઘસીને બાળકને પાવાથી બાળક સારું થાય છે. | - | વાંસ મોટા જંગલમાં થાય છે. |
| ૨ | બોરની ગાંઠ | બોરડી | ઝીઝીફસ જુજાબ | | | | | | બોરડી કાંટાવાળો આવે લગભગ દરેક જગ્યાએ થાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૯ | રતવો | | | રતવા | એક બે દિવસ માં | ચોમાસા માં પથ્થર માં | કંદ લાવી ઘસી રતવા ઉપર લગાડવાથી રતવો મટે છે. | - | રતવો છોડ છે. પથ્થર વાળી જગ્યા એ થાય છે. જોના પાન આવે ચોમાસા માં જ મળે છે. |
| ૨૦૦ | ગાય ગોટો | ગોરો ચ[illegible] | બોસ્ટોરેમ | પેટમાં ગાંઠ પડે તેમાં | બે ચાર દિવસ માં | ગાયના મોમાં થી ક્યારેક ગોટો પડે છે. | ગાયના મોમાંથી નિકળેલ ઘાસનો ગોટો ઘસી પાવાથી પેટની ગાંઠ ઓગળી જાય છે. | - | ગાય વાગોળે ત્યારે ક્યારેક તેના મોં માં માંથી ઘાસનો ગોટો નિકળે તે વપરાય છે. |
| ૨૦૧ | કબુતરનું ખૂન | કબુતરનું લોહી | | લકવા | બે ત્રણ દિવસ માં | દરેક જગ્યા એ | કબૂતર પક્ષી છે તેના લોહીની માલીસ કરે છે.તથા તેનું માંસ ખવડાવે છે. | - | કબુતર પક્ષી છે. શાંતિદૂત તરીકે ગણાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૨ | અડખ્યો બાબા | | | હડકવામાં | અઠવાડીયા | જંગલમાં બારે માસ | ઝાડ છાલ લાવી મંતર કરી પીવડાવે છે.સાથે દેવ કરે છે. | - | ગાંડા બાવળ જેવું ઝાડ છે. સફેદ થડ આવે છે. |
| ૨૦૩ | સાગના ઝાડનું કાંલિયુ મધ | નાની માખવાળું સાગના થડનું મધ | | સુવા રોગમાં | બે ત્રણ વાર આપવાથી | જંગલમાં બારે માસ | સાગના થડની પોલાણમાં જીણી માખનું મધ હોય તે લાવી સુવાવડી બાઈને ચટાડવામાં આવે છે. | - | જીણી માંખોનું મધ છે.સાગના થડમાં હોય તેનો ઉપયોગ કરે છે. |
| ૨૦૪ | નજરિયું ખર | | | છાતીના દુઃખાવામાં | એક વાર પાવાથી | જંગલમાં ચોમાસામાં લાવી રાખી | તેનો કાંદો લાવી ઘસીને બે ઘુંટ પાવાથી ઉલટી થઈ દર્દીને આરામ થાય છે. | - | વેલ આવે છે. પાન લાંબા આવે છે.ચોમાસામાંજ થાય છે. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૫ (૧) | ગાલવો | | | લાપોટીયામાં | બે ત્રણ દિવસમાં | જંગલમાં ચોમાસામાં | વેલને કાંદો આવે તે કાથો લાવી ઘસીને ગાલ ઉપર ચોપડવાથી આરામ થાય છે. | - | વેલ આવે જમીનમાં ત્રણથી ચાર કાંદા થાય છે. નાના લંબગોળ પાન આવે છે. |
| (૨) | ઘરનો ધુવાસ | ઘરના રસોડામાં મેશ જામે છે તે | | ॥ | | | ઘરના રસોડાનો ધુવાડો લાવી મીઠું મીક્ષ કરી ચોપડવાથી મીઠું મીક્ષ કરી ચોપડવાથી પણ આરામ થાય છે. | | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૬ | મેણો ઝાલર | | | ચાંદા માં | છ સાત દિવસ માં | જંગલ માં બારે માસ | મૂળ લાવી ઘસીને ચાંદા ઉપર ચોપડવાથી ચાંદા મટે છે. | – | મેણો ઝાલર છોડ આવે છે. જંગલમાં થાય છે. વાલોર જેવો જ આવે છે. |
| ૨૦૭ | મખો મહારો | | | પેટના દુ:ખાવામાં જીભ આવે તેમાં | ત્રણ ચાર દિવસ માં | જંગલ માં બારે માસ | મૂળ લાવી ઘસી કે કુટીને દસ ગ્રામ જેટલું પ્રવાહી પાવું | – | નાનો છોડ આવે છે. |

## તારણ અને સૂઝાવ

આદિવાસીઓમાં પરંપરાગત વનૌષધિ અતિ મહત્ત્વનું અંગ છે. બડવાના નામે ઓળખાતા ભગતો વનૌષધિ આપવાનું કામ વિશેષ કરતા હોય છે. તેઓનું જીવન ઔષધિ ઉપર નિરભર નથી સાથે સાથે તેના ધ્વારા અર્થોપાર્જન પણ કરતા નથી પણ વિધિવિધાનમાં જે કંઈ મળે તે લઈ આ કાર્ય કરતા હોય છે. તેમનો મૂખ્ય વ્યવસાય ખેતી પશુપાલન જ હોય છે. તેઓ આ વ્યવસાય સાથે જ આ એક સમાજ ઉપયોગી કાર્ય કરતા હોય છે. તેમનામાં રહેલી રૂઢીગત માન્યતાઓ અને વહેમ દૂર થાય તો તેઓ એ તત્વવિદ તરીકે બહાર આવે તેમ છે. તેઓ એક એક વનસ્પતિના ગુણ ધર્મો જાણે છે. તેમની આર્થિક સ્થિતિ મહદ્અંશે નબળી જોવામાં આવે છે. કારણકે તેઓ દવાના બદલામાં કંઈ માગીને મેળવતા નથી જે કંઈ મળે તે સાથે મળી ઉપભોગ કરતા હોય છે. કેટલાક જેઓ ગુરુ કરી ભગત બનાવે છે. તેઓ દારૂ, માંસ અને નિશોદ કરે છે. જેથી દવા ખૂબ સમજપૂર્વક કરે છે.

### શું થઈ શકે ?

(૧) સંશોધન કેન્દ્ર :

જીલ્લા અથવા તાલુકાના મથકે આયુર્વેદિક સંશોધન કેન્દ્ર

ઉભું કરવું જોઈએ જેમાં દવા ઉપયોગી છોડ, વેલા , ઝાડના ગુણધર્મો ચકાસવા જોઈએ અને તેને ઉગાડવા પણ જોઈએ આ માહિતી XX સ્થાનિક જાણકારોને આપી પધ્ધતિસરની દવા આપે તે માટે પ્રેરવા જોઈએ. જ્યાં આવા કેન્દ્રો ચાલતા હોય ત્યાં સંશોધન વિભાગ ચાલુ કરવો જોઈએ.

(૨) ટ્રેનિંગ :

જાણકાર વ્યક્તિઓને બોલાવી તેમની જાણકારી મેળવી વધારે રસ ધરાવતા જાણકારોને દવા ઉપયોગી જાણકારી, તે કરવાની પધ્ધતિની ટ્રેનિંગ આપવી જોઈએ જેને વિસ્તારના .જાણકાર વ્યક્તિને પ્રાથમિક ઉપચાર માટેની વિધિવત માન્યતા આપવી જોઈએ.

(૩) જમીન આપવી :

ઉંડાણના વિસ્તારના ગામોમાં જ્યાં આવું કેન્દ્ર ઉભુ કરી શકાય તેવી જગ્યાએ જમીન આપી વનસ્પતિ દવા ઉપયોગી વૃક્ષો ઉગાડવા જોઈએ. જમીનની અનુકરણ પ્રમાણેના વૃક્ષો થતા હોવાથી જે જમીનમાં વૃક્ષો વધુ થતા હોય તેવા વૃક્ષો નો વિશેષ વિકાસ કરવો અને તે દવા જ્યાં વૃક્ષો ન થતા હોય ત્યાં પહોંચાડવાની વ્યવસ્થા કરવી.

(૪) દવા ઉપયોગી વૃક્ષો :

કાપવા ઉપર તત્કાલીક પ્રતિબંધ મૂકવો જોઈએ તેવા વૃક્ષોની યાદી બનાવી અને તેની જાળવણી કરવી જોઈએ.

(૫) લગભગ દરેક રોગની દવા વનસ્પતિમાં જ રહેલી છે. જાણકારોના અભાવે તેનો મહત્તમ ઉપયોગ કરી શકાતો નથી તો તેની જાણકારી મેળવી દરેક રોગોમાં વનસ્પતિ દવાનો જ ઉપયોગ કરવો. આ કામ જુદા જુદા વિસ્તારના જાણકારો પાસે કરાવવું સાથે સંશોધન કેન્દ્ર કે આરોગ્ય કેન્દ્રમાં રોગ પરીક્ષણ ના આધુનિક સાધનો રાખી યોગ્ય નિદાન કરી તે વનસ્પતિ દવા આપવામાં આવે તો લોકોનો વિશ્વાસ સંપાદન થશે રોગો વધતા અટકશે.

(૬) વનસ્પતિઓમાં કુટુંબ કલ્યાણ યોજનાઓ માટેની મહત્ત્વની દવા છોડ/ ઝાડ થાય છે. તેનો ઉપયોગ વિશેષ કરવામાં આવે તો કોઈ પણ પ્રકારની ઓપરેશન વગર કુટુંબ નિયોજન પાળી શકાય તેમણે આ કાર્ય સ્થાનિક જાણકારોની મદદથી કરવામાં આવે છે તો લોકોનો વિશ્વાસ સંપાદન થઈ શકે અને કુટુંબ નિયોજન ક્ષેત્રે સફળતા મેળવી શકાય તેમ છે.

(૭) દવા મેળવવા અને સાચવવા માટે તેમને સાધનો આપવા જોઈએ. દવા સંગ્રહવવા માટે નાણાંકીય મદદ કરવી જોઈએ. કારણકે કેટલીક વનસ્પતિ બારેમાસ મલતી નથી. કેટલાકના પાન વગેરે અમુક ઋતુમાં જ આવતા હોવાથી તેને સંગ્રહવા

જરૂરી હોય છે. માટે તેમને તે સાચવવા માટે સાધનો આપવા જોઈએ.

(૮) નિયુક્ત થયેલા જાણકારોનો મુખ્ય વ્યવસાય દવા કરવાનો હોતો નથી પણ ખેતી કે પશુપાલનો હોય છે. તેઓ તો માનવ સેવા જ કરતા હોય છે તેમને આ કામમાં રસ રહે જોખમી જગ્યાએથી દવા એકત્ર કરવાની હોય છે ત્યાં તેને રક્ષણ મળે અને તેના સમયનો ભોગ આપી આ કાર્ય કરે માટે તેને માસિક માનદ વેતનની વ્યવસ્થા પણ કરવી જોઈએ. સાથે સાથે વીમો પણ હોવા જોઈએ. કારણકે જંગલના ઊંડાણ અને ડુંગરોની વચ્ચેથી દવા મેળવવાની હોવાથી અકસ્માત થવાનો ભય પણ નકારી શકાતો નથી.

(૯) આ દરેક પ્રકારની દવા કરતા પહેલાં શક્ય હોય તેટલી દવાઓ આયુર્વેદિક પુસ્તકો ધ્વારા ચકાસી નક્કી કરવામાં આપવી જોઈએ જેથી કોઈ આડ અસર સંભવે નહીં.

(૧૦) ઉપરોક્ત દરેક કામો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સંલગ્ન કરવામાં આવે તો તેમાં વેગ લાવી શકાય તેમ છે. વળી નિયુક્ત થયેલ વ્યક્તિઓના વિસ્તારમાં કેવા રોગો થાય છે. કેવા પ્રકારની દવાના છોડ થાય છે તેમજ તે દવા કરે છે તે બરાબર છે તે વિગેરેની સતત ચકાસણી થતી રહેવી જોઈએ જેથી તે કામોનું સતત મૂલ્યાંકન થતું રહે.

માહિતીદાતાઓની વિગતો :

| ક્રમ | નામ | ઉંમર | વ્યવસાય | ગામ |
|---|---|---|---|---|
| ૧ | ભીખાભાઈ ભંગુરભાઈ રાઠવા | ૫૦ | ખેતી | અંબાલા |
| ૨ | બીજલભાઈ મથુરભાઈ રાઠવા | ૩૫ | નોકરી (પટાવાળા) | દેવસર |
| ૩ | છનાભાઈ ધૂળાભાઈ રાઠવા | ૩૫ | ખેતમજૂર (સુથારીકામ) | દેવસર |
| ૪ | અમરિયાભાઈ ભંગુભાઈ રાઠવા | ૭૦ | ખેતી | અંબાલી |
| ૫ | જાલસંગભાઈ ફતાભાઈ રાઠવા | ૩૫ | ખેતી | બેડવી |
| ૬ | ફતુભાઈ મેઘજીભાઈ રાઠવા | ૫૦ | ખેતી | બેડવી |
| ૭ | પારસીંગભાઈ વેસલાભાઈ રાઠવા | ૩૫ | ખેતી, મજુરી | બેડવી |

| ક્રમ | નામ | ઉંમર | વ્યવસાય | ગામ |
|---|---|---|---|---|
| ૮ | બચુભાઈ નાનકાભાઈ રાઠવા | ૩૫ | ખેતી, પશુપાલન | દેવસર |
| ૯ | ન[illegible]ભાઈ રઈલાભાઈ રાઠવા | ૪૦ | ખેતી, મજૂરી | ચીસારિયા |
| ૧૦ | નર[illegible]ભાઈ ન[illegible]ભાઈ રાઠવા | ૪૫ | ખેતી | રાયસીંગપુરા |
| ૧૧ | નાયકડા ખંડુભાઈ રાઠવા | ૬૦ | ખેતી | ખસરા |
| ૧૨ | જામસીંગભાઈ નાયક[illegible]ભાઈ રાઠવા | ૪૨ | ખેતી, | મોટીચીખાર |
| ૧૩ | કેવજીભાઈ હાંમરિયાભાઈ રાઠવા | ૪૫ | ખેતી | મોગરા |

## [illegible]

1. આર્યભિષક અથવા હિંદુસ્તાનનો વૈદરાજ
   ભિક્ષુ અખંડ આનંદની પ્રસાદી
   લેખક :- સદ્ગત આયુર્વેદ માર્તંડ શાસ્ત્રી શંકર હાજીપેદ
   ભાષાંતર કરતા :- વ્યાસ હરિકૃષ્ણ ભગવાનલાલ

2. પ્રાયોજના વિસ્તાર અને ૧૯૮૬-૮૭નો વાર્ષિક
   વહીવટી અહેવાલ- છોટાઉદેપુર
   - પી.વી.હાથી

3. પાલના રાઠવો : શંકરભાઈ સોમાભાઈ તડવા

4. પરિવર્તન પામતા રાઠવાઓ - શ્રી. ચંદ્રકાંતભાઈ પટેલ
   આદિવાસી સંશોધન
   કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ
   અમદાવાદ

5. ડુબાણ માંજતાં હાંફેશ્વર ગામનો અભ્યાસ
   તા. છોટાઉદેપુર
   - શ્રી. જસવંતસિંહ રાઠોડ
   આદિવાસી સંશોધન
   કેન્દ્ર,